પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૮૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૩૧-૦૩-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## વિધાનસભા ચુંટણીમાં નરેશ પટેલ ગુજરાત કોંગ્રેસના મુખ્યમંત્રી પદના ઉમેદવાર બનશે

ગાંધીનગર,

ગુજરાતમાં વિધાનસભાની વહેલી ચૂંટણીના સંકેતો વચ્ચે રાજકીય ઉથલ પાથલનો દોર શરૂ થવા લાગ્યો છે. ખાસ કરીને હાલ નિષ્ક્રીય રહેલી કોંગ્રેસ આગામી દિવસમાં મોટા રાજકીય ધડાકા કરે તેવી પુરી શક્યતા છે. નબળી ગણાતી ગુજરાત કોંગ્રેસ ભાજપને ઘેરવા માટે સ્ટ્રેટેજી ઘડી રહી છે અને તેના માટે પુરેપૂરું ગ્રાઉન્ડ વર્ક પણ કરી લીધું છે. ભાજપને પડકારવા માટે કોંગ્રેસે એક નવો જ રાજકીય દાવ ખેલ્યો છે. જે વિરોધી પક્ષોને પણ ઝટકો આપનારો છે.

કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા મુજબ રાજકીય રણનીતિકાર પ્રશાંત કિશોરનો આગ્રહ હતો કે ગુજરાતમાં જનતા સમક્ષ એક ભરોસાપાત્ર ચહેરો રજૂ કરવો જરૂરી છે. જેના પર મોટાપાયે ધ્રુવીકરણ થઈને મતો કોંગ્રેસની જોળીમાં આવી શકે. જેના માટે એક ચહેરાની શોધમાં હતી અને આ ચહેરો હવે નરેશ પટેલના રૂપમાં આઈડેન્ટીફાઈ કર્યો છે. આ અંગે રાજસ્થાનમાં અશોક ગેહલોત, પ્રશાંત કિશોર અને નરેશ પટેલ વચ્ચે બેઠક પણ મળી હતી.

પ્રશાંત કિશોર માને છે કે, મુખ્યમંત્રી તરીકે નરેશ પટેલ જ યોગ્ય છે અને જ્ઞાતિ બેલેન્સ કરવા કોઈ ઓબીસી કે આદિવાસી ચહેરાને પણ તેમના સાથીદાર તરીકે રજૂ કરવાની રણનીતિ ઘડી લીધી છે. પ્રશાંત કિશોરની સફળતાનું રહસ્ય તેઓએ જ્યાં જ્યાં ચૂંટણી વ્યવસ્થા સંભાળી છે ત્યાં એક ચહેરો તેની પાસે હતો અને આ જ થિયરીના આધારે તેઓ ગુજરાત કોંગ્રેસ માટે ચૂંટણી પહેલા જ એક ચહેરો લઈને ૨૦૨૨ની જંગમાં ઉતરવા માગે છે. આ આખી ફોર્મ્યુલા



રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતની મધ્યસ્થીથી ઘડવામાં આવી છે.

ખાસ કરીને સૌરાષ્ટ્રના પ્રખ્યાત અને લેઉવા પાટીદારોના શ્રદ્ધા કેન્દ્ર એવા ખોડલધામના વડા અને પાટીદાર અગ્રણી નરેશ પટેલ તેમની રાજકીય ઈનિંગ શરૂ કરવા માટે હાલ એક 'સર્વેક્ષ કરાવી રહ્યા છે. આ સર્વે બાદ તેઓ ૧૫ એપ્રિલ સુધીમાં રાજકારણમાં જવું કે નહીં તે અંગે નિર્ણય જાહેર કરશે એ સંકેતો વધુ સ્પષ્ટ થયા છે. જેના પરથી કે નરેશ પટેલ કોંગ્રેસમાં જોડાઈ રહ્યા હોવાનું લગભગ નિશ્ચિત માનવામાં આવે છે.

આ ઉપરાંત દેશમાં પોલિટિકલ સ્ટ્રેટેજિસ્ટ તરીકે જાણીતા બનેલા અને અનેક રાજયોમાં વિપક્ષને વિજયી બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર પ્રશાંત કિશોર પણ હવે કોંગ્રેસ સાથે જવા તૈયાર થયા છે. તેઓ ગુજરાતની ચૂંટણીમાં કોંગ્રેસના સારથી બનશે. દિલ્હીના અનેક મીડીયા સર્કલમાં આ અંગે જબરી ચર્ચા ચાલી રહી છે. નરેશ પટેલ-પ્રશાંત કિશોર બન્ને ગુજરાતની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષને વિજેતા બનાવવા માટે પ્રયાસ કરશે અને ટૂંક સમયમાં આ જાહેરાત થાય તેવી પુરી શક્યતા સેવાઈ રહી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ આ ફોર્મ્યુલાને મંજૂરી પણ આપી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા રાજસ્થાનમાં નરેશ પટેલ અને પ્રશાંત કિશોર વચ્ચે એક બેઠક મળી હતી અને તેમાં ગુજરાતના રાજકારણના

### ચહેરા વગર ચૂંટણી જીતવી અશક્ય: પ્રશાંત કિશોરની ફોર્મ્યુલા રાહુલ ગાંધીએ સ્વીકારી

જાણકાર ૨૦૧૭માં કોંગ્રેસને વિજયની નજીક ખેંચી જવામાં સફળ રહેલા પૂર્વ પ્રભારી તથા રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતની ભૂમિકા મહત્વની રહી છે. હવે તેમના શિષ્ય જેવા જ રાજસ્થાન કોંગ્રેસના નેતા ડો.રઘુશર્મા ગુજરાતનું સુકાન સંભાળી રહ્યા છે.

ગત વર્ષે થયેલી પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં મમતા બેનરજી ચહેરો હતા અને તેમાં સફળતા પણ મળી હતી.બીજી તરફ પંજાબમા આમ આદમી પાર્ટીએ અરવિંદ ભગવંત માનનો ચહેરો હતો, અને આપને પંજાબમાં સત્તા મળી ગઈ હતી. કોંગ્રેસ પક્ષ ચહેરા વગર જાય તો સફળતા નહીં મળે તે નિશ્ચિત છે. આ સમયે પ્રશાંત કિશોરની ફોર્મ્યુલા કોંગ્રેસના ગળે ઉતરી છે અને નરેશ પટેલને ચહેરો બનાવી ચૂંટણી લડવાનો વ્યૂહ ઘડવામાં આવી રહ્યો છે અને આગામી દિવસોમાં તે ચિત્ર વધુ સ્પષ્ટ થશે.

ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણી પુર્વે પાટીદાર નેતા નરેશ પટેલને ભાજપમાં ભેળવવા માટેના ભરચક પ્રયાસો છતાં પણ હવે નરેશ પટેલ-હાથમાંથી સરકી ગયા છે તેવો સંકેત મળતા જ ભાજપે હવે નરેશ પટેલની આશા છોડી દીધી છે. પક્ષના ટોચન સૂત્રોના જણાવ્યા મુજબ પક્ષને નરેશ પટેલ ફેક્ટર સામી બાજુ છે તેમ માનીને ચૂંટણી લડવાની તૈયારી કરવા જણાવી દીધું છે.

ભાજપના નેતાઓને હવે 'આમંત્રણ પણ બંધ કરી દેવાની સૂચના આપી છે અને હવે આ ફેક્ટરને કઈ રીતે ડિસ્કાઉન્ટ કરી શકાય તે જોવા પક્ષના પાટીદાર નેતાઓને જણાવ્યુ છે તથા ઓબીસી, આદીવાસી ફેક્ટર પણ મજબૂત બનાવાશે.

## ૨૦૨૨ ના અંત સુધી ગુજરાતના દરેક ઘરમાં નળથી જળ પહોંચશે : સરકાર

ગાંધીનગર,

રાજ્યના જળસંપતિ અને પાણીપુરવઠા મંત્રી ઋષિકેશ પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૨ ના અંત સુધીમાં રાજ્યના દરેક ઘરમાં નળ થી જળ પહોંચાડવા માટે સરકાર સંકલ્પબદ્ધ છે. વિધાનસભાના પ્રશ્નોતરી કાળમાં પ્રત્યુત્તર આપતા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૪ સુધીમાં સમગ્ર દેશમાં નળથી જળ પહોંચાડવાનો દ્રઢ સંકલ્પ કર્યો છે, ત્યારે ગુજરાત સરકાર દ્વારા બે વર્ષ પૂર્વે જ વર્ષ ૨૦૨૨ ના અંત સુધીમાં આ નિર્ધાર પૂર્ણ કરવા કટિબદ્ધતા દાખવી છે.

ગૃહમાં દાહોદ જિલ્લામાં હર ઘર જલની સ્થિતિ અંગે પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીએ કહ્યું કે, દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓ પૈકી દાહોદ તાલુકાના ૮૮ ગામોમાં રૂ.૧૦૩.૨૬ કરોડના કામો મંજૂર કરીને ૭૪૮૭૭ ઘરો પૈકી ૩૪૫૨૦ ઘરોમાં નળથી જળ પહોંચાડવામાં આવ્યું છે.

તેમણે ક્રમશઃ તાલુકા પ્રમાણે વિગતો આપતા જણાવ્યું કે, દાહોદ જિલ્લાના દેવગઢ બારિયામાં ૭૫ ગામોમાં રૂ.૪૬.૯૩ કરોડના ખર્ચે ૫૧૦૦૯ ઘરો પૈકી ૨૮૩૫૩ ઘરોમાં, ધાનપુર તાલુકાના ૬૬ ગામોમાં રૂ.૩૨ કરોડના ખર્ચે ૩૩૯૫૩ ઘરો પૈકી ૨૬૮૭૨ ઘરોમાં, ફતેપુરાના ૧૦૧ ગામો પૈકી રૂ. ૮૦.૮૦ કરોડના ખર્ચે ૪૮૧૬૫ ઘરો પૈકી ૩૪૬૧૬ ઘરોમાં, ગરબાળા તાલુકાના ૪૨ ગામોમાં રૂ.૩૬.૧૫ કરોડના ખર્ચે ૩૭૩૪૯ ઘરો પૈકી, ૨૦૭૯૩ ઘરોમાં, લીમખેડામાં ૮૦ ગામોમાં રૂ. ૫૭.૬૯ કરોડના ખર્ચે ૩૭૮૭૯ ઘરો પૈકી ૧૯૯૫૫ ઘરોમાં, સંજેલી તાલુકાના ૫૬ ગામોમાં રૂ.૩૦.૫૬ કરોડના ખર્ચે ૨૧૪૦૯ ઘરો પૈકી ૧૬૩૫૮ ઘરોમાં , સિંગવડ તાલુકાના ૫૭ ગામોમાં રૂ. ૩૫.૩૪ કરોડના ખર્ચે ૨૫૭૬૯ ઘરો પૈકી ૧૬૪૨૨ ઘરોમાં અને ઝાલોદ તાલુકાના ૧૦૫ ગામોમાં રૂ. ૧૦૮.૯૦ કરોડના ખર્ચે ૭૯૧૯૩ ઘરો પૈકી ૪૯૮૬૫ કામોમાં નળ સે જળ અંતર્ગત કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. બાકીના ઘરોમાં ખૂબ જ ટૂંકાગાળામાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન સરકારે હાથ ધર્યું છે.

ઋષિકેષ પટેલે કહ્યુ કે, રાજ્યના તમામ ગામો અને ફળિયાઓને સરફેસ સોર્સ આધારિત પાણીથી જોડવાનું આયોજન કર્યું છે. આ દરમિયાન લોકોને સમયસર નળના માધ્યમથી પાણી ઉપલબ્ધ થાય તે હેતુથી જ્યાં જુથ યોજનાનું પાણી ઉપલબ્ધ નથી, તેવા ગામોમાં હયાત સ્થાનિક સ્ત્રોત આધારિત અને નવા સ્થાનિક સ્ત્રોતના માધ્યમથી પાણી પહોંચાડવાની કામગીરી કાર્યરત છે.

## પાકિસ્તાનના પેશાવરમાં મોટો આતંકી હુમલો : બ્લાસ્ટમાં ૧૨ના મોત, તાલિબાને હુમલાની જવાબદારી લીધી

પેશાવર,

પાકિસ્તાનના પેશાવરમાં આવેલા એફસી ફોર્ટ ટેંકમાં મોટો આતંકી હુમલો કરવામાં આવ્યો. જેમા ૧૨ જેટલા લોકોના મોત થયા. તો વળી અનેક લોકો આ હુમલામાં ઘાયલ થયા હોવાના અહેવાલ મળ્યા. પાકિસ્તાનના મીડિયા અહેવાલ પ્રમાણે આ હુમલો પેરામિલિટરી સૈન્ય કેમ્પ ઉપર કરવામાં આવ્યો છે. આ હુમલામાં ત્રણ જેટલા હુમલાખોરને ઠાર કરવામાં આવ્યા છે. અને હુમલાની જવાબદારી તાલિબાન દ્વારા લેવામાં આવી છે.

સીસીપીઓના જણાવ્યા પ્રમાણે કેટલાક આતંકવાદીઓ દ્વારા મસ્જિદને નિશાન બનાવવાની કોશિશ કરવામાં આવી અને અહીં મોટો બ્લાસ્ટ કરવામાં આવ્યો. બ્લાસ્ટના



કારણે સ્થાનિક પોલીસ અને સેનાએ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી ઓપરેશન હાથ ધર્યુ હતુ.

તે બાદ હુમલાખોરોએ ત્યાં ડ્યુટી પર તૈનાત પોલીસકર્મીઓ પર ગોળીબાર કર્યો. જેમાં એક પોલીસકર્મીનું મોત નિપજ્યું છે. જ્યારે અન્ય એક ગંભીર રૂપે ઘાયલ થઈ ગયો છે. સીસીપીઓએ કહ્યું કે હુમલા બાદ મસ્જિદમાં લોકોને નિશાન બનાવવામાં આવ્યા અને ત્યાં જોરદાર ધડાકો થયો. ઘટના બાદથી આસપાસના લોકો દહેશતમાં હતા. પોલીસ અધિકારી વહીદ ખાને જણાવ્યું કે બ્લાસ્ટ ત્યારે થયો જ્યારે નમાઝ માટે કોચા રિસાલદાર મસ્જિદમાં નમાઝ અદા કરવા માટે લોકો જમા થયા હતા. પ્રત્યક્ષદર્શીઓમાંથી એકનું કહેવું છે જ્યારે તે મસ્જિદમાં પ્રવેશ કરી રહ્યો હતો ત્યારે બ્લાસ્ટ થયો. જેના કારણે તે સીધો રસ્તા પર જઈને પટકાયો.

પેશાવરની મસ્જિદમાં થયેલા બ્લાસ્ટ પર પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનનું પણ નિવેદન આવ્યું હતુ. તેમણે હુમલાની નિંદા કરી. પેશાવરના સીએમ મહમૂદ ખાને પણ હુમલાની નિંદા કરી. તેમણે પેશાવરના આઈજીપી પાસે આ મામલે ડિટેલ રિપોર્ટ માંગી હતી. આ હુમલા બાદ પાકિસ્તાનના તપાસ અધિકારીઓએ દેશના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં એક શિયા મસ્જિદ પર આત્મઘાતી હુમલા માટે જવાબદારી પૂરા નેટવર્ક અને પરિવારના સભ્યોને જાણી લેવાનો દાવો કર્યો હતો.

## અમેરિકાનો ભારતની સહાય વધારી ૬.૬ અબજ ડોલર કરવા પ્રસ્તાવ

નવીદિલ્હી,

અમેરિકન પ્રેસિડેન્ટ જો બાઈડેને ભારત સાથેના સંબંધો વધુ મજબૂત બનાવવાનો સંકેત આપ્યો છે. બાઈડેને ક્લીન એનર્જી, ડિજિટલ ઈકોનોમી જેવા ક્ષેત્રોના વિકાસ માટે ભારતને સહાય વધારવાનો પ્રસ્તાવ મૂક્યો છે. ભારતની વિકાસ સહાય ૨૦૨૧ના ૨.૫ કરોડ ડોલરથી વધારી નાણાકીય વર્ષ ૨૦૨૩માં ૬.૬ કરોડ ડોલર કરવાનો પ્રસ્તાવ છે અને આ રકમ અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટની નાણાકીય ૨૦૨૩ માટેની સહાયનો ભાગ છે. વ્હાઈટ હાઉસે આ પ્રસ્તાવે અમેરિકન કોંગ્રેસને મોકલ્યો હતો. અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટના બજેટમાં જણાવ્યા અનુસાર 'ક્લીન એનર્જી અને અન્ય ક્લાઈમેટ પ્રોગ્રામ્સમાં ભારતની નાણાકીય સહાયમાં વૃદ્ધિ તેની પ્રાદેશિક આગેવાન તરીકેની ભૂમિકાને ટેકો આપે છે. ભંડોળ દ્વારા ડિજિટલ ઈકોનોમીમાં પણ રોકાણ વધારાશે.' સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે, 'નાણાકીય સહાય સતત વધી રહેલી (અન્ય દેશોની) સરમુખત્યારશાહીનો સામનો કરવાની, માનવ અધિકારોના રક્ષણ, નાગરિકોની સહભાગીતા તેમજ લોકશાહી વહીવટને વધુ મજબૂત બનાવશે.' બાઈડેન સરકારે આરોગ્ય ક્ષેત્રમાં પણ ભારતને કરાતી સહાય ૨૦૨૧ના ૩.૪૫ કરોડથી વધારી ૨૦૨૩માં ૪.૮૫ કરોડ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

અમેરિકન પ્રેસિડેન્ટ જો બાઈડેને સોમવારે ઈન્ડો-પેસિફિક સ્ટ્રેટેજી માટે વધુ ૪૦ કરોડ ડોલર ફાળવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જેમાં ચીનની ગેરવર્તણૂકનો સામનો કરવા વધુ ૪૦ કરોડ ફાળવવામાં આવશે. બંને બાબત અમેરિકાના વર્ષ ૨૦૨૩ના વાર્ષિક સંરક્ષણ બજેટનો ભાગ છે. વ્હાઈટ હાઉસ દ્વારા વાર્ષિક બજેટ પ્રસ્તાવ કોંગ્રેસને સુપરત કરાયા હતા. બાઈડેને જણાવ્યું હતું કે, 'ઈન્ડો-પેસિફિકમાં અમેરિકા તેની ભૂમિકા મજબૂત બનાવી રહ્યું છે અને લાંબા ગાળાના સાથી દેશો અને ભાગીદારો સાથે સહયોગ વધારી રહ્યું છે. જેમાં રાજદ્વારી બાબતો, સંરક્ષણ, સુરક્ષા, ચાવીરૂપ અને ઉભરતી ટેક્નોલોજી તેમજ સપ્લાય ચેઈનનો સમાવેશ થાય છે. ઉપરાંત, અમેરિકા તેના યુરોપ અને ઈન્ડો-પેસિફિક ભાગીદારો સાથે હવામાન અને વૈશ્વિક આરોગ્ય ક્ષેત્રે મજબૂત સંબંધોની તરફેણમાં છે.'

## પેટ્રોલ-ડિઝલમાં ૮૦-૮૦ પૈસા વધ્યા, ૯ દિવસમાં જ રૂ.૫.૬૦ વધ્યા

નવીદિલ્હી,

પેટ્રોલ-ડિઝલના ભાવ બુધવારે ૯મા દિવસે ૮મી વખત વધ્યા છે. બુધવારે પેટ્રોલ-ડિઝલમાં ૮૦-૮૦ પૈસા વધ્યા છે. પેટાચૂંટણી પછી ૪ નવેમ્બર ૨૦૨૨ના રોજ કેન્દ્રએ પેટ્રોલ પર લિટરે ૫ રૂપિયાનો ઘટાડો કરીને જે રાહત આપી હતી એની અસર હવે સમાપ્ત થઈ ગઈ છે. એની પાછળનું કારણ એવું છે કે ૯ દિવસમાં પેટ્રોલ ૫.૬૦ રૂપિયા મોંઘું થયું છે. ઓક્ટોબર ૨૦૨૧માં ૧૩ રાજ્યની ૨૯ વિધાનસભા અને ૩ લોકસભા સીટો પર થયેલી પેટાચૂંટણીમાં ભાજપને આશા પ્રમાણે પરિણામ મળ્યાં નહોતાં. એ પછી પેટ્રોલ પર ૫ રૂપિયા ટેક્સ ઘટાડવામાં આવ્યો હતો.

માર્ચમાં યુપી સહિત ૫ રાજ્યમાં ચૂંટણી થઈ હતી. નવેમ્બરથી માર્ચ સુધી ક્રૂડના ભાવ ૭૨.૬ ટકા સુધી ઊછળ્યા હતા. જોકે ઓઈલ કંપનીઓએ પેટ્રોલ-ડિઝલના ભાવ વધાર્યા નથી. ૧૦ માર્ચે આવેલાં ચૂંટણી પરિણામો ભાજપ માટે સારા રહ્યાં. એના ૧૨ દિવસ પછી ભાવ વધવાની શરૂઆત થઈ ગઈ. બીજી તરફ બ્રેન્ટ ક્રૂડના ભાવ ઘટી રહ્યા છે. મંગળવારે બ્રેન્ટ ક્રૂડ ૬.૭૯ ટકા ઘટાડા સાથે ૧૦૪.૮૪ ડોલર/બેરલ રહ્યું. એ ઉચ્ચતમ સ્તરથી ૩૧ ટકા ઓછા છે.

## પોરબંદર : કોંગ્રેસ સમિતિના પ્રમુખે લાઈટ ન અપાય તો તાળા બંધીની ચિમકી

પોરબંદર,

પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના ડયર ગામ ખાતે છેલ્લા ૩૦ વર્ષથી ૫૦થી વધુ પરિવારો અહીં વસવાટ કરે છે. છેલ્લા ત્રણ દાયકા સુધીનો સમય થયો હોવા છતાં પણ આજ દિવસ સુધીમાં અહીં પુરતી સુવિધાઓનો લાભ આપવામાં આવ્યો નથી. દયર ગામ ખાતે લાઈટ અને પાણીની સગવડ નથી, જેથી ગામના જાગૃત નાગરિક સનાભાઈ દ્વારા ટેલીફોનીક રજૂઆત કરી નાથાભાઈ ઓડેદરાને જાણ કરવામાં આવી હતી. કોંગેસના પ્રમુખ નાથાભાઈ ઓડેદરા સહિતના અગ્રણીઓ ડયર ગામ ખાતે દોડી ગયા હતા. અને રાણા કંડોરણા પીજીવીસીએલ વિભાગને આ વિસ્તારમાં લાઈટની સગવડ ઉપલબ્ધ કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી. રાણા કંડોણા ખાતે વિભાગની કચેરીએ ધરણા કડી ડયર ગામ ખાતે લાઈટની સુવિધા આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે, અને જો સત્વરે યોગ્ય ન કરાય તો તાળાબંધી કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

## રોડ દુર્ઘટનામાં પીડિતને કોઈ માનસિક તથા શારીરિક ક્ષતિની ભરપાઈ વળતરથી થઈ શકે નહીં : સુપ્રીમ

નવીદિલ્હી,

રોડ દુર્ઘટનામાં પીડિતને કોઈ માનસિક તથા શારીરિક ક્ષતિની ભરપાઈ વળતરથી થઈ શકે નહીં.પણ વળતર આપવા ઉપરાંત અન્ય કોઈ રસ્તો પણ નથી. વડી અદાલતે આ ટિપ્પણી સાથે જ રોડ અકસ્માતમાં એક બાળક માટે વળતરની રકમ વધારીને ૪૯.૯૩ લાખ રૂપિયા કરી દીધી છે.

જસ્ટિસ હેમંત ગુપ્તા અને જસ્ટિસ વી રામાસુબ્રમણ્યનની પીઠે આ વળતરની રકમ સાથે વ્યાજ પણ આપવાનો આદેશ કર્યો છે. પીઠે કહ્યું કે, વ્યક્તિગત ઈજાના મામલામાં નુકસાનનું નિર્ધારણ કરવું સરળ નથી. પીઠે એક બાળકની અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં કર્ણાટક હાઈકોર્ટના આદેશને પડકાર આપવામાં આવ્યો હતો.

હાઈકોર્ટે વાહન દુર્ઘટના દવા ન્યાયાધિકરણના ૧૮.૨૪ લાખ દંડની જગ્યાએ બાળકને ૧૩.૪૬ લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે જાણ્યું કે, હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ મેડિકલ બિલ મુજબ બાળક પોતાના બંને પગથી હલનચલન કરી શકતો નહોતો. તેના પગમાં જરાંયે જીવ નહોતો. તેને પેશાબ કંટ્રોલ કરવામાં તકલીફ, કબ્જ અને સુવાની તકલીફ થવા લાગી.

તેની હાલની સ્થિતિ જોતા તે આખી જીંદગી એક અટેંડેંટની જરૂર પડશે. પીઠે તારણ કાઢ્યું છે કે, દુર્ઘટનાના કારણે આ બાળકે ન ફક્ત પોતાનું બાળપણ ખોઈ દીધું છે, પણ જીંદગીના મહત્વના પાસાઓને પણ ખોઈ દીધા છે. તેના લગ્ન પણ અશક્ય છે. ત્યારે આવા સમયે તેને પુરતુ વળતર મળવું જોઈએ.

## પંડિતોના નરસંહાર કેસ મામલે આરોપી બિટ્ટા કરાટે સામે ફરીથી કેસ ખોલવાની અરજી દાખલ

શ્રીનગર,

જમ્મુ અને કાશ્મીરમાં હત્યાના આરોપી બિટ્ટા કરાટે વિરુદ્ધ નોંધાયેલા કેસ ફરીથી ખોલવામાં આવી શકે છે. વાસ્તવમાં, શ્રીનગરની કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં બિટ્ટા કરાટે વિરુદ્ધ નોંધાયેલ કેસને ખોલવાની માંગ કરવામાં આવી છે.

પીડિત સતીશ ટીક્કુના પરિવારે કાર્યકર્તા વિકાસ રાણાની મદદથી શ્રીનગર કોર્ટનો સંપર્ક કર્યો છે. ટીક્કુના પરિવાર વતી એડવોકેટ ઉત્સવ બેન્સ હાજર રહેશે. આ મામલે આજે શ્રીનગર કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. અલગતાવાદી નેતા બિટ્ટા કરાટે નિર્દોષ લોકોની હત્યા અને આતંકવાદ સાથે સંબંધિત આરોપમાં કાશ્મીરમાં જેલમાં બંધ હતો. એક ઈન્ટરવ્યુમાં બિટ્ટાએ પોતે ૨૦ કાશ્મીરી પંડિતોની હત્યા કર્યાની કબૂલાત કરી હતી. બિટ્ટા કરાટેએ કહ્યું હતું કે તેણે ૨૦ કાશ્મીરી પંડિતોની હત્યા કરી હતી. ૧૯૯૧ના એક ઈન્ટરવ્યુમાં, બિટ્ટા કહે છે કે જો તેને તેની માતા કે



ભાઈને મારી નાખવાનો આદેશ આપવામાં આવ્યો હોય તો પણ તે તેમને પણ મારવામાં અચકાતો નથી. બિટ્ટા એ પણ વર્ણવે છે કે કેવી રીતે તેણે ૨૨ વર્ષીય કાશ્મીરી પંડિત સતીશ કુમાર ટિક્કુની હત્યા સાથે ખીણમાં હત્યાકાંડની શ્રેણી શરૂ કરી. બિટ્ટાની પણ પબ્લિક સેફ્ટી એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. બિટ્ટા પર વિદ્રોહ સંબંધિત ૧૯ થી વધુ કેસ હતા. ૨૦૦૮માં અમરનાથ વિવાદ દરમિયાન તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી. બિટ્ટા માર્શલ આર્ટનો ટ્રેન્ડ હતો, તેથી લોકોએ તેના નામના અંતે કરાટે લગાવવાનું શરૂ કર્યું. બિટ્ટા કરાટેએ લગભગ ૧૬ વર્ષ જેલના સળિયા પાછળ વિતાવ્યા, આખરે ૨૩ ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ ટાડા કોર્ટે તેને જામીન પર મુક્ત કર્યો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એમ. વાય. વોરા
મુ. કાદવીયા, તા. કાલોલ, જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વાય. ટી. વોરા
મુ. ચલાલી, તા. કાલોલ, જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એ. કે. ખત્રી
મુ. ચાલવડ, તા. જાંબુઘોડા, જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એમ. જે. બારીઆ
મુ. કરા, તા. જાંબુઘોડા, જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુરના હાડા નાનીસરસણ ગામે ડુંગરામાં આગ લગાડી વૃક્ષોને નુકશાન કરાયું



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકાના હાડા નાનીસરસણ ગામે ડુંગરામાં આગ લગાવીને લીલા વૃક્ષો અને નુકસાન ફોરેસ્ટ વિભાગ દ્વારા અને સરકાર દ્વારા વૃક્ષ વાવો અને વરસાદ લાવો સરકારના સુત્રો માત્ર સૂત્ર બની ગયા ગ્રામ્ય વિસ્તારમાં ઠેર ઠેર જંગલોમાં આગ લગાવીને લીલા વૃક્ષોને મોટાપાયે નુકસાન કર્યું છે. સરકાર અને વિભાગ દ્વારા લીલા વૃક્ષો અને વૃક્ષો ઉછેરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરતી હોય છે, પરંતુ તેની જાળવણી કરવામાં આવતી જ નથી. હાલમાં પાનખર ઋતુ ચાલી રહી છે. વૃક્ષો પરથી સૂકા પાંદડાઓ પડતા હોય છે. ગામના લોકો અને કેટલાક પોતાની જમીનમાં ખેતરોમાં સફાઈ માટે આગ લગાવીને લીલા વૃક્ષોનું વિનાશ કરતા હોય છે. આ જ રીતે હાડાની સરસણ ગામે રોડ ઉપર આવેલી નીલગીરીઓ આગ લાગવાથી બળીને ખાખ થઈ ગઈ છે. ફોરેસ્ટ વિભાગની બેદરકારી અને પેટ્રોલીંગ દરમિયાનમાં બીજગાર્ડની મિલીભગતના કારણે આજે લોકો મન ફાવે એમ આગ લગાવીને લીલા વૃક્ષોને પણ નુકસાન કરે છે. જંગલ મેં આગ લગાવવા માટે અલગ-અલગ કચેરીમાં તેનું માર્ગદર્શન અને કેમ્પ યોજવામાં આવે છે, પરંતુ તેનું પાલન કરવામાં આવતું જ નથી. આજે ફોરેસ્ટ વિભાગ દ્વારા ઉછરેલા લીલો વૃક્ષો મૂક્યા છે અને તેને મોટા પાયે નુકસાન કરેલું છે. આવી કાળઝાળ ગરમીમાં મુંગા પશુઓને અને પસાર થતા મુસાફરોની રાહદારીઓને બેસવા માટે વૃક્ષ નીચે ઉનાળાની કાળઝાળ ગરમીમાં બેસવા માટે નો વૃક્ષ નીચે વૃક્ષની છાયા હટી ગઈ અને આવી રીતે આગ લગાવીને ઉજ્જડ કરી મૂકેલું છે. સરકારના રૂપિયા વૃક્ષો ઉછરેલા પાણીમાં ગયા હવે સરકાર વૃક્ષ વાવો અને વરસાદ લાવો ના સુત્રો માટે નિયમો કડક કરવામાં આવે તો જ વૃક્ષોનો બચાવ કરશે.

# ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૨૮૩ સિંહ અને ૩૩૩ દીપડાનાં મોત

ગાંધીનગર, ગુજરાત વિધાનસભાના સત્રમાં સરકારે માહિતી આપી હતી કે, બે વર્ષમાં ૩૩૩ દીપડાના મૃત્યુ થયાં છે. જેમાં ૨૪૨ દીપડા અને બાળ દીપડા ૯૧ મોત થયા છે. કુદરતી મૃત્યુમાં ૧૭૫ દીપડા અને ૬૮ બાળ દીપડાના મોત થયાં છે. જ્યારે અકુદરતી મૃત્યુમા ૬૭ દીપડા અને ૨૩ બાળ દીપડાના મોત થયાં છે. બીજી તરફ રાજ્યમાં ગીર સોમનાથ અને જૂનાગઢમાં દીપડાનો આતંક વધ્યો છે. દીપડા દ્વારા માણસ પર થયેલા હૂમલાના ૮૫ બનાવો બન્યાં છે. જેમાં ૯ લોકોના મોત અને ૭૯ લોકો ઘાયલ થયાં છે. બીજા એક સવાલમા જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા ૨ વર્ષમાં ૧૧૨ સિંહોને રેડિયોકોલર પહેરાવવામાં આવ્યાં છે જેમાંથી ૭ સિંહોના મોત નિપજ્યાં છે.

ગુજરાતમાં સિંહ અને દીપડાના મોત અંગે ચિંતાજનક આંકડાઓ સામે આવ્યાં છે. છેલ્લા બે વર્ષમાં અકસ્માતથી ૨૯ અને કુદરતી રીતે ૨૫૪ સિંહોના મોત થયાં છે. છેલ્લા બે વર્ષમાં કુલ ૨૮૩ સિંહોના થયા મૃત્યુ થયાં છે. બીજી તરફ બે વર્ષમાં ૩૩૩ દીપડાના મૃત્યુ થયાં છે. જેમાં ૨૪૨ દીપડા અને બાળ દીપડા ૯૧ મોત થયા છે. કુદરતી મૃત્યુમાં ૧૭૫ દીપડા અને ૬૮ બાળ દીપડાના મોત થયાં છે. જ્યારે અકુદરતી મૃત્યુમા ૬૭ દીપડા અને ૨૩ બાળ દીપડાના મોત થયાં છે. ગીર અભયારણ્યમાં બે વર્ષમાં ૧૪ કરોડની આવક થઈ હોવાનું પણ સરકારે વિધાનસભામાં જણાવ્યું હતું.

વિસાવદરના ધારાસભ્ય હર્ષદ રિબડિયાએ પ્રશ્ન પૂછ્યો હતો કે, ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ની સ્થિતિએ લાયન પ્રોજેક્ટની જાહેરાત ક્યારે કરવામા આવી હતી. તે અંતર્ગત કેટલા નાણાં ફાળવવામાં આવ્યાં હતાં.આ સવાલના જવાબમા સરકારે લેખિતમાં જણાવ્યું હતું કે,સરકારે લાયન પ્રોજેક્ટ તૈયાર કરીને કેન્દ્ર સરકારને મંજુરી માટે મોકલી છે. હાલ આ પ્રોજેક્ટ મંજુરીની પ્રક્રિયા હેઠળ છે. એક અન્ય પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે ગીર અભ્યારણ્ય અને નેશનલ પાર્કમાં પેરાપેટ વિનાના ૪૩૭૬ ખુલ્લા કુવાઓ આવેલા છે, આવા ખુલ્લા કૂવાઓમાં સિંહ તથા અન્ય રક્ષિત વન્ય પ્રાણીઓના પડવાથી ઈજા અને મૃત્યુ પામે છે.

બીજી તરફ રાજ્યમાં હવે માત્ર ૩૪૩ જ રીંછ બચ્યાં છે. અમદાવાદના નરોડાના ધારાસભ્ય બલરામ થાવાણીના સવાલનો વનમંત્રીએ લેખિતમાં જવાબ આપ્યો હતો. વનમંત્રીએ જવાબમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલમાં રીંછની સંખ્યા ૩૪૩ છે. રીંછની વસતી ગણતરી છેલ્લે ૨૦૧૬માં કરવામાં આવી હતી. મણિનગરના ધારાસભ્ય સુરેશ પટેલના સવાલનો લેખિતમાં જવાબ આપતાં વનમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ઘુડખરની વસતી ૬૦૮૨ છે. તેમજ છેલ્લે ઘુડખરની વસતી ગણતરી ૨૦૨૦માં કરવામાં આવી હતી.

# ૧૨ દિવસમાં ખાદ્યતેલના ભાવમાં ૧૨૫ રૂપિયાનો વધારો

અમદાવાદ, સામાન્ય જનતા સતત મોંઘવારીથી પીસાતી જઈ રહી છે. પેટ્રોલ-ડીઝલ, ગેસ અને શાકભાજીના ભાવોમાં અધધ વધારા પછી ખાદ્યતેલના ભાવોમાં પણ સતત વધારો થતો જઈ રહયો છે. મધ્યમ વર્ગના પરિવારોએ હવે ઘર ચલાવવું મુશ્કેલ બની રહ્યુ છે. ખાદ્ય તેલના ભાવમાં ૧૨ દિવસમાં ખાદ્યતેલના ભાવમાં ૧૨૫ રૂપિયાનો વધારો થયો છે. હજુ ગઈકાલે એટલે કે મંગળવારે જ સિંગતેલ અને કપાસિયા તેલમાં ભાવ વધારો થયો હતો. આજે ફરી સિંગતેલના ભાવમાં ૧૦ રૂપિયાનો વધારો થયો છે. પણ સિંગતેલના ભાવ ૨૦ રૂપિયા અને કપાસિયા તેલનો ભાવ ૩૦ રૂપિયા વધ્યો હતો. દેશમાં સતત વધી રહેલી મોંઘવારીએ લોકોને આર્થિક સંકટમાં મુકી દીધા છે. મોંઘવારીના માર વચ્ચે ખાદ્યતેલમાં અછત સર્જાતા રાજકોટમાં સતત ભાવ વધારો યથાવત રહ્યો છે. રશિયા-યુક્રેન યુદ્ધના કારણે તેલના ભાવમાં વધારો થઈ રહ્યો હોવાનું મનાય છે. બજારમાં કાચા માલની મળતર નથી અને સંગ્રહખોરો તકનો લાભ લઈ રહ્યા છે. બજારમાં જૂના ભાવે ખરીદેલો માલ પૂરો થઈ ગયો છે અને નવા ભાવની ખરીદી હોવાથી નવા ભાવ લાગુ થયા હોવાનું જણાવે છે. રાજકોટમાં સિંગતેલના ડબ્બામાં ૧૦ રૂપિયાનો વધારો થયો છે..જેને લઈ સિંગતેલનો ડબ્બો વિક્રમી ૨૭૦૦ રૂપિયા પર પહોંચ્યો છે..તો કપાસિયા તેલના ડબ્બાનો ભાવ પણ ૨૬૫૦ રૂપિયા બોલાઈ રહ્યો છે. છેલ્લા ૧૨ દિવસમાં ખાદ્યતેલના ભાવમાં ૧૨૫ રૂપિયાનો વધારો ઝિંકાયો છે..જેને લઈ ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે..

માર્ચ એન્ડિંગ હોવાથી માર્કેટ યાર્ડ બંધ છે. જેના કારણે ખેડૂતોનો માલ આવતો નથી. આ તકનો લાભ લઈને સંગ્રહખોરો પોતાની પાસે રહેલી મગફળી- કપાસ ઊંચા ભાવે વેચી રહ્યા છે..જેથી સિંગતેલ અને કપાસિયા તેલમાં વધુ ભાવ જોવા મળે છે. અન્ય તેલના ભાવની વાત કરીએ તો પામોલીન તેલ રૂ.૨૩૭૦, સરસવ રૂ.૨૫૦૦, સન ફ્લાવર રૂ.૨૪૭૦, કોર્ન ઓઈલ રૂ.૨૩૪૦, વનસ્પતિ ઘી રૂ.૨૫૩૦, કોકોનેટ રૂ.૨૬૨૦, દિવેલ રૂ.૨૪૦૦ના ભાવે વેચાઈ રહ્યું છે. રશિયા અને યુક્રેનના વચ્ચે ચાલતા યુદ્ધનાની અસર તેલના ભાવ પર પડી રહી છે. જો કે ખાદ્યતેલના ભાવોમાં પણ વધારો થતા લોકોએ જાયે તો જાયે કહીં જેવી સ્થિતિનો અનુભવ થઈ રહ્યો છે. પેટ્રોલ-ડીઝલ, ગેસ અને શાકભાજી, મસાલાના ભાવોમાં અધધ વધારા પછી ખાદ્યતેલના ભાવોમાં પણ સતત વધારો થતો રહયો છે. ત્યારે મધ્યમ વર્ગના પરિવારોએ હવે ઘર ચલાવવું મુશ્કેલ બની રહ્યુ છે.

# ૧૯૯૦ના એક કેસ મામલે સંજીવ ભટ્ટ સામેની ફરિયાદ પાછી ખેંચાશે



અમદાવાદ, આશરે ૩ દાયકા બાદ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટ અને અન્ય પોલીસ કર્મચારીઓ સામેની વર્ષ ૧૯૯૦ના એક કેસની ફરિયાદ પાછી ખેંચાશે. ફરિયાદીએ ગુજરાત હાઈકોર્ટને જણાવ્યું હતું કે, તે આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટ અને અન્ય પોલીસ કર્મચારીઓ સામેની ઓક્ટોબર ૧૯૯૦ની કસ્ટડીયલ ટોર્ચરના કેસને લગતી ફોજદારી ફરિયાદ પાછી ખેંચવા ઈચ્છે છે.

આશરે એકાદ સપ્તાહથી ફરિયાદ રદ કરવાને લગતી અરજીની સુનાવણી કરી રહેલા જસ્ટિસ નિખિલ કારિયેલે ફરિયાદી મહેશ ચિત્રોડાને તેમના વકીલ મારફતે આ મામલે સોગંદનામુ દાખલ કરવા જણાવ્યુંહતું. સાથે જ ૩૧મી માર્ચના રોજ વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે તેમ કહ્યું હતું.

કેસની વિગતો પ્રમાણે અયોધ્યા મંદિર મુદ્દે ભાજપના નેતા એલ.કે. અડવાણીએ યોજેલી રથયાત્રાને અટકાવવામાં આવતા વિરોધનો વંટોળ ફેલાયો હતો અને ૧૯૯૦માં જામજોધપુર ખાતે તોફાનો ફાટી નીકળ્યા હતા. તે સમયે સંજીવ ભટ્ટ જામનગરમાં એડિશનલ સુપ્રિન્ટેન્ડન્ટ હતા. ૩૦ ઓક્ટોબર,૧૯૯૦ના રોજ પોલીસે પ્રભુદાસ વૈષ્ણાની અને ૩ ફરિયાદી સહિત ૧૩૪ આરોપીઓની ધરપકડ કરી હતી. વૈષ્ણાનીને ખેંચ આવતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને ત્યાં તેનું મોત નિપજ્યું હતું. પ્રભુદાસના પરિવારજનોએ પોલીસ અત્યાચારના કારણે મોત થયું હોવાનો આરોપ મુક્યો હતો. આ મામલે જામનગર સેશન્સ કોર્ટે સંજીવ ભટ્ટને આજીવન કેદની સજા ભટકારી હતી.

# ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા ૧ લી એપ્રિલે ૧૧:૦૦ કલાકે ‘‘પરીક્ષા પે ચર્ચા’’ કાર્યક્રમ પ્રસારિત થશે

લુણાવાડા, પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે પ્રધાનમંત્રી પરીક્ષાના તણાવને દુર કરવા માટે વાતચીત કરે છે. અને વધુ સારૂ પ્રદર્શન કરવા ઉપયોગી માર્ગદર્શન આપે છે. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા તા. ૦૧-૦૪-૨૦૨૨ ને શુક્રવારનાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે ‘‘પરીક્ષા પે ચર્ચા‘‘ કાર્યક્રમ દુરદર્શનની નેશનલ ચેનલ તથા દુરદર્શનની તમામ પ્રાદેશિક ચેનલો પર આ કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવનાર છે.

મહીસાગર જીલ્લાના તમામ વિદ્યાર્થીઓ, અભિભાવકો, અધિકારીઓ, સરકારી કર્મચારીઓ તથા પ્રજાજનો આ કાર્યક્રમ નિહાળવા માટે અપીલ કરવામાં આવે છે. વધુમાં બાલાસિનોર જવાહર નવોદય વિદ્યાલયખાતે પણ આ કાર્યક્રમ નિહાળવા માટેનું પણ આયોજન કરવામાં કરવામાં આવેલછે. તેમ જવાહર નવોદય વિદ્યાલય, બાલાસિનોર, મહીસાગરના પ્રાચાર્યની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# દે.બારીયા જનરલ હોસ્પિટલના ડાયાલીસીસના દર્દીઓની ચુકવણી માટેની રૂા.૧૨ લાખની ગ્રાન્ટ કોણે કોણે સગેવગે કરી તેની તપાસ કવી જરૂરી છે

દે.બારીયા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ૩૧ જેટલા ડાયાલીસીસ વિભાગોનું ઈ-લોકાર્પણ મહાશિવરાત્રીના શુભ દિવસે એટલે ૦૧/૦૩/૨૦૨૨ને મંગળવારના રોજ એકભવ્ય પ્રોગ્રામનું આયોજન વડનગર ખાતેથી લાઈવ પ્રોગ્રામનું ઋષિકેશ પટેલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ તબીબી શિક્ષણ જળસંપતિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રીના હસ્તે થવા પામ્યો હતો. તેનીં સીધું પ્રસારણ સરકારી હોસ્પિટલ દે.બારીયા ખાતે પણ રખાયો હતો. જેમાં જીલ્લાના અધીકારીઓ પદના અધિકારીઓ પણ મોજુદ હતા અને સત્તાધારી પક્ષના રાજકીય આગેવાનો પણ હાજર હતા તેમજ સાથે સાથે સરકારી હોસ્પિટલની ગતિવિધીની ફાઈલ બહાર પાડવામાં આવી હતી. તે ફાઈલમાં પણ ડાયાલીસીસના ઉપકરણોનો ઈ-લોકાર્પણમાં ઉદઘોષણા કરવામાં આવી હતી. ડાયાલીસીસના દર્દીઓના રૂા.૩૦૦/- ની રોકકડ રકમ અપાય છે. તેવો સ્પષ્ટ ઉલ્લેખ થયલો છે તેમ છતાં લગભગ ૪૦ જેટલા ડાયાલીસીસના દર્દીઓને છેલ્લા આઠ માસ થી ડાયાલીસીસના ગરીબ દર્દીઓના રૂા.૩૦૦/- પ્રમાણેની રોકડ જે આપવામાં આવતી હોય છે. તે રકમ આપવામાં હોસ્પિટલના કર્મીઓ ચુકવણી બાબતે ગલ્લાતલ્લા કરતા હોય છે અને ઉડાઉ જવાબો આપતા હોય છે. તેવું દર્દીઓના સગાસંબંધીઓ જણાવે છે. આ દર્દીના હકના નાણાં અને સરકારશ્રીના દર્દીઓ માટેના આરોગ્યલક્ષી માટેના નાણાં આપવા માટે કોને વાંકુ પડે છે. તે યક્ષ પ્રશ્ન છે. ડાયાલીસીસના એક દર્દીના રૂા.૨૭,૦૦૦/-જેટલા આપવાના બાકી બોલે છે. તે એકબાજુ ગુજરાતની ગરીબોની બેલી ગતિશીલ સરકાર આરોગ્ય વિભાગમાં હરણફાળ ભરી રહી છે. તો આ નાણાં ચુકતે કેટલા સમગમાં અને માર્ચ એન્ડીંગ હિસાબના સમયે થઈ જશે ? તે દર્દીઓના સગાવાળા પૂછી રહ્યા છે. આ અંગે એક ડાયાલીસીસના દર્દીના સંબંધીના જણાવ્યા અનુસાર ૧૨ લાખ જેટી માતબર રકમની ગ્રાન્ટ દે.બારીયાના ડાયાલીસીસ દર્દીઓને ચુકવણી કરવા માટે ફાળવી દીધી છે. તે ગ્રાન્ટ કોણે કોણે ભેગા મળીને સગેવગે કરી નાખી છે તેની રાજ્યના આરોગ્ય વિભાગના સચિવો અને રાજ્યનું સ્ટેટ વિજીલન્સ વિભાગ આ ગરીબ દર્દીઓના નાણાં ચાંઉ કરનારાઓની તપાસનો દોર ચલાવીને સામે લાવે તેવી માંગ કરી રહ્યા છે. ડાયાલીસીસના દર્દીઓએ આ રકમ અમને મળશે નહી તેની મુંઝવણમાં દિવસો પસાર કરી રહ્યા છે. આ ૧૨ લાખની ગ્રાન્ટ કોણે કોણે તેની બીલોમાં સહીઓ કરીને ઉપાડવામાં આવી તેની ઘનીષ્ટ અને તટસ્ટ તપાસ અવસ્ય થવી જોઈએ તેવું ડાયાલીસીસના દર્દીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

# ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શેઠ પી.ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ગોધરાના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો



ગોધરા, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શેઠ પી.ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ગોધરાના સંયુક્ત ઉપક્રમે ઈતિહાસ વિભાગ દ્વારા રાષ્ટ્રનો સ્વતંત્રતા સંગ્રામઃ રાષ્ટ્રવાદી સાહિત્ય અને પંચમહાલ જિલ્લાનો ઈતિહાસ અને સાહિત્ય વિષય પર રાષ્ટ્રીય કક્ષાનો એક દિવસીય પરિસંવાદ ૨૯ માર્ચ ૨૦૨૨ના દિવસે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું ઉદ્દઘાટન શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણના હસ્તે કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય પરિસંવાદમાં આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને પરિચય શેઠ પી.ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ગોધરાના આચાર્ય એમ.બી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પરિસંવાદના સંયોજક ડો. સુરેશ સી. પટેલે સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્રા ડો. જયેન્દ્રસિંહ જાદવે પ્રાસંગિક ઉદ્દ્બોધન આપ્યું હતું અને કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં પ્રમુખ ભૂપેશભાઈ શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણ અધ્યક્ષીય ઉદ્દ્બોધન આપ્યું હતું. તેમણે આ પરિસંવાદની સફળતા માટે આશીર્વચનો પાઠવ્યા હતા તેમજ આ પરિ સંવાદને અનુરૂપ વિવિધ શોધ પત્રો રાજુકરનાર સંશોધકોને પણ શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ ડો. અરૂણ વાઘેલાએ રાષ્ટ્રનો સ્વતંત્રતા સંગ્રામ અને પંચમહાલ વિષય પર, ઈતિહાસવિદ્દ વિનોદ ગાંધીએ ભાષા અને સાહિત્ય વિષય પર, આદિવાસી લોક સાહિત્યકાર પ્રો. કાનજીભાઈ પટેલે આદિવાસી લોક સાહિત્ય વિષય પર તેમજ આ રાષ્ટ્રીય પરિસંવાદના સંયોજક અને ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડો.સુરેશ સી. પટેલે પંચમહાલના પ્રવાસન સ્થળો પર પોતાનું બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું. આ પરિસંવાદમાં વિવિધ કોલેજોના અધ્યાપકો, શોધાર્થીઓ અને વિદ્યાર્થીઓએ રાષ્ટ્રનો સ્વતંત્રતા સંગ્રામ રાષ્ટ્રવાદી સાહિત્ય અને પંચમહાલ જિલ્લાનો ઈતિહાસ સંદર્ભે પોતના સંશોધન પત્રો રજૂ કર્યા હતા. પરિસંવાદમાં ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

# મોરવા(હ)ના આગરવાડા ગામે જાતિઅપમાનિત કરી મારી નાખવાની ધમકી આપતાં ૧૯ ઈસમો સામે એક્ટ્રોસીટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો

મોરવા(હ), મોરવા(હ) તાલુકાના આગરવાડા ગવામે ટાંકી ફળીયામાં આરોપી ઈસમો જાતિ અપમાનિત ગાળો આપી છુટ્ટા પથ્થરો મારી મારી નાખવાની ધમકીઓ આપતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના આગરવાડા ગવામે રહેતા તારાબેન રમેશભાઈ હરીજનને ૧૭ માર્ચના રોજ ગામમાં રહેતા વિનુભાઈ પ્રતાપભાઈ પટેલ, નીતીનભાઈ જુવાનસિંહ પટેલ, અજય ભોપતભાઈ પટેલ, પ્રતાપભાઈ પટેલ, અક્ષય પટેલ, ધર્મેન્દ્રભાઈ પટેલ મળી ૧૯ ઈસમો દ્વારા ફરિયાદી મહિલા અને અન્ય લોકોને ગાળો આપી જાતિ અપમાનિત કરાયા હતા અને છુટા પથ્થર મારી તમને ગાડી ચડાવી ને ભાલોડી મારી નાખીશું તેવી ધમકી આપવામાં આવી હોય આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે એક્ટ્રોસીટી એકટ હેઠળ ૧૯ ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધાવા પામ્યો.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારો સારો પસાર થશે. કાર્યક્ષેત્રમાં પણ સૌનો સહયોગ મળશે. જો શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રયાસ કરી રહ્યા હોવ તો આજનો દિવસ તમારા માટે શુભ સાબિત થઈ શકે છે.

વૃષભ : ઘરના સભ્યો કે સંતાન વ્યવહારથી તમે દુઃખી રહેશો. પત્ની કે પ્રેમિકા પણ આવા પ્રકારના વ્યવહારથી તમને વ્યથિત કરી શકે છે, જેથી તમે મનોમન પરેશાન રહો.

મિથુન : કાર્યક્ષેત્રમાં તમારા કામની પ્રશંસા થશે, પરંતુ સાથો સાથ તમારા દુશ્મની નિંદાઓ પણ વધશે. આવામાં તમારે જરાય પરેશાન થવાની જરૂર નથી. બસ તમારે તમારા કામ પર ફોકસ કરવાની જરૂર છે. જેનાથી બધું જ બરાબર થઈ જશે.

કર્ક : આજે તમને વ્યવસાયમાં તમારા ઉચ્ચ અધિકારીઓનો સહયોગ મળશે. નોકરીમાં બની શકે છે કે આજે કોઈ કારણથી તમારે વિવાદ થઈ જાય, આવી સ્થિતિમાં વાણી પર કાબૂ રાખવાની જરૂર છે.

સિંહ : છેલ્લાં કેટલાંક દિવસોથી તમે નાના-મોટા કામ બગડી જવાથી આશ્ચર્યમાં છો. બની શકે છે કે આજે તમારા આ કામમાં સુધારો આવી શકે. તેમ છતા પણ કોઈ ડર કે શંકાના કારણે તમારૂ મન અશાંત રહી શકે છે.

તુલા : હાલનો સમય કાર્યક્ષેત્રમાં અવર-જવરનો અને નિયમબદ્ધ કામ પૂરો કરવાનો ચાલી રહ્યો છે. આ દરમિયાન નજીકના લોકો ચિંતામાં વધારો કરી શકે છે. જો તમે પ્રેમ સંબંધમાં હોવ તો વહેલી તકે નિર્ણય લઈ લેજો, નહીં તો પાછળથી સમસ્યાઓ પેદા થશે.

વૃશ્ચિક : આજે નોકરી કે વેપાર-ધંધામાં આકરી સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે. આ સિવાય બની શકે છે કે કોઈ કામ શરૂ કરવામાં વધુ સમય લેવો પડે. આ કારણે તણાવ વધી શકે છે, પરંતુ યાદ રાખજો કપરો સમય જતો રહે છે અને આ દરમિયાન ધીરજ રાખવી જરૂરી છે.

ધનુ : આજે સવારથી જ પ્રતિકુળ દિવસ તમારા માટે રહેશે. આ સિવાય કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કોઈ પરિવર્તન આવી શકે છે, જેના કારણે તમારો મૂડ પણ બગડી શકે છે, પરંતુ તમે ધૈર્યથી કામ લેજો.

મકર : આજનો દિવસ તમારા માટે એવરેજ રહેશે. વેપારમાં સ્થિતિ સુધરતી નજરે પડશે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી મજબૂતી વધશે. એટલે વિરોધ કરનારા અને તમારી ઈર્ષા કરનારા તમારૂ કંઈ પણ બગાડી નહીં શકે.

કુંભ : આજે આરોગ્યની કાળજી લેજો. દિવસના પહેલા ભાગમાં વધુ પડતા કામ આવી પડશે. બની શકે ત્યાં સુધી મહત્વના કામો પહેલા પૂરા કરી લેવા. જેથી કોઈ નુકસાન ન વેઠવુ પડે. બપોર પછીનો સમય પડકારભર્યો રહી શકે છે.

મીન : ગણેશજી કહે છે, આજે આવક કરતા ખર્ચ વધુ થશે. આવામાં સંતુલન જાળવી રાખજો. ધ્યાન રાખજો કે, સારો મૂડ હોવાના કારણે એવું ન બને કે બીજાની મદદ કરવામાં તમે સારા નરસાનું ભાન ભૂલી જાવ. જરૂરિયાતમંદોની જ મદદ કરજો, નહીં તો અન્ય લોકો તમારા સ્વભાવનો લાભ ઉઠાવી શકે છે.

# અશોક ગેહલોતજી કંઈપણ તિકડમ કરે, સફળ નહીં થાય, રાજસ્થાનથી એમનો કોઈ જાદુ ગુજરાતમાં ચાલશે નહીં : સતીશ પુનિયા



અમદાવાદ, ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું કાઉનડાઉન શરૂ થઈ ગયું છે. ત્યારે રાજસ્થાન ભાજપના અધ્યક્ષ સતીશ પુનિયા અમદાવાદમાં છે. ગુજરાત કોંગ્રેસ ફરી એક વખત સક્રિય થતા જોવા મળી રહી છે. રાજસ્થાન કોંગ્રેસના નેતાઓ ગુજરાતમાં એડિચોટીનો જોર લગાવી રહ્યા છે.. ત્યારે રાજસ્થાન ભાજપના અધ્યક્ષ સતિશ પુનિયા અમદાવાદના પ્રવાસે છે. આ દરમિયાન તેમણે ગુજરાત અને રાજસ્થાન કોંગ્રેસ પર પ્રહાર કર્યા.. તેમણે કહ્યું કે, કોંગ્રેસ કમજોર થઈ ચૂકી છે. જો ગેહલોતને સફળ થવાનું હોત તો પાછલા સમયે જ તેઓ થઈ ગયા હોય. એ લોકો કંઈ પણ તિકડમ કરશે તે સફળ થવાના નથી.. ગેહલોત કોશિશ કરે તો પણ કોંગ્રેસને સંજીવની આપી શકશે નહી.. રાજસ્થાનથી એમનો કોઈ જાદુ ગુજરાતમાં ચાલશે એવી શક્યતા નથી.. ત્યારબાદ તેમણે પ્રશાંત કિશોરના ગુજરાત કોંગ્રેસને સમર્થન મામલે કહ્યું કે, પ્રશાંત કિશોર ગુજરાત કોંગ્રેસના વિશેષજ્ઞ બની શકે છે. ગુજરાતમાં કોંગ્રેસનો આધાર ખત્મ થયો, તો તેઓ પણ વોટ ક્યાંથી લાવશે. આગામી દિવસોમાં કોંગ્રેસની એવી દુર્ગતિ થશે જે અત્યાર સુધીમાં ક્યારેય થઈ નહી હોય.. અને પ્રશાંત કિશોરની મદદ કોંગ્રેસ માટે સંજીવની સાબિત નહી થઈ શકે.

ભાજપના અધ્યક્ષ સતીશ પુનિયાએ જણાવ્યું છે કે રાજનીતિ ચર્ચાઓનું ક્ષેત્ર છે, માટે દરેક પ્રકારની વાત થાય છે. રાજસ્થાનમાં અધ્યક્ષ તરીકે પક્ષ મજબૂત થાય એવો ઓરાયસ રહે છે. રાજસ્થાન માટે ગુજરાતથી ઘણું શીખ્યા છીએ. પન્ના પ્રમુખની તમામ નિયુક્તિ જલ્દી પૂર્ણ થશે.

સતીશ પુનિયાએ ઉમેર્યું હતું કે રાજસ્થાન સિવાય બહાર જવાનો અર્થ એ છે કે રાજસ્થાની લોકો બહાર પણ વસે છે. કહેવત છે કે જહાં પહોંચે રેલગાડી, વ્હા પહોંચે મારવાડી. ૧૦ લાખ રાજસ્થાની બેંગ્લોરમાં છે, ગુજરાતમાં પણ અમદાવાદ, વાપી અને સુરતમાં અનેક રાજસ્થાની વસી રહ્યા છે. તેમાં અનેક લોકો માલિક છે, જેઓ ગુજરાતમાં આર્થિક વિકાસમાં મદદરૂપ છે, કેટલાક શારીરિક શ્રમ ક્ષેત્રમાં છે.

પુનિયાએ જણાવ્યું છે કે, કોરોના મહામારી હોવાના કારણે છેલ્લા બે વર્ષમાં મોટા કાર્યક્રમ ના થયા. બે વર્ષ બાદ હોળી પછી જે આમંત્રણ મળ્યા એનો સ્વીકાર કર્યો છે. અનેક જગ્યાઓ પર લોકોએ ટ્રેન કનેક્શન માટે ફરિયાદ કરી છે. અમારું જન્મ ભૂમિથી કર્મભૂમિ સાથેનું જોડાણ રહે એવો પ્રયાસ છે. અહિં જે પરિશ્રમ કરે છે, એમનો દાન કરવાનો કેટલોક હિસ્સો રાજસ્થાનમાં મળે છે. અમારો પ્રયાસ છે કે પાર્ટીના મેનીફેસ્ટો બને છે એ કટ કોપી પેસ્ટ થાય છે, પણ અહીંના લોકોનો લાભ અમને મળે એવી ઈચ્છા છે. પાર્ટીના ઘોષનાપત્ર બનાવવા માટે અમને મદદરૂપ થશે.

ભાજપના અધ્યક્ષ સતીશ પુનિયાએ વધુમાં જણાવ્યું હતું કે, જનસંઘ સમયે ૩ ટકા મત મળતા આજે આપણે લોકસભામાં ૩૦૩ બેઠક પર છીએ. હવે કોંગ્રેસની માત્ર રાજસ્થાન અને છત્તીસગઢમાં સરકાર છે. કોંગ્રેસ દેશમાં માત્ર તુષ્ટિકરણ કરતી રહી છે. યુપીમાં ગુજરાતના લોકોએ પણ તાકાત લગાવી પરંતુ તેઓ સફળ થયા નથી. રાજસ્થાનના લોકો જમીન પર મજબૂત છે. અમે એકબીજાથી શીખીએ છીએ, એકબીજાને મદદ કરીએ છીએ. અમારા લોકો બનાસકાંઠા આવે છે, અહીંના લોકો ત્યાં આવીને મદદ કરે છે. ૨૦૨૩માં આ જ અનુભવ રાજસ્થાનમાં કામમાં આવશે. ૨૦૨૨માં ગુજરાત, ૨૦૨૩માં રાજસ્થાન અને ૨૦૨૪માં હિન્દુસ્તાન જીતીશું. લોકોએ યુપીએ પીએમના નેતૃત્વ પર મ્હોર લગાવી છે. અમારી સરકારમાં રામમંદિર, ૩૭૦ કલમ જેવા અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવાયા છે.

તેમણે ઉમેર્યું હતું કે, ૨૦૨૩માં રાજસ્થાનની ચૂંટણી માટે વસુંધરાનાં ચહેરા પર ચૂંટણી લડાશે.. તેમા પર જવાબ આપતા જણાવ્યું કે પીએમના નેતૃત્વમાં અમે ચૂંટણી લડીએ છીએ. અમારી કોશિશ છે કે ૨૦૨૩માં કોંગ્રેસને હરાવીએ અને સત્તામાં આવીએ. આખરી નિર્ણય શીર્ષ નિતૃત્વ કરશે.

સતીશ પુનિયાએ ગુજરાતની રાજનીતિમાં પ્રશાંત કિશોરની ફોર્મ્યૂલા પર નરેશ પટેલને જોડાવા અંગે જણાવ્યું હતું કે, પ્રશાંત કિશોર ગુજરાત કોંગ્રેસના વિશેષગ્ય બની શકે છે, પણ કોંગ્રેસનો આધાર ખતમ થયો તો વોટ ક્યાંથી લાવી શકશે. ગુજરાતમાં કોંગ્રેસની દુર્ગતિ એવી થશે જેવી પહેલા ક્યારેય નહીં થઈ હોય. પણ આ કોઈ મદદ કોંગ્રેસ માટે સંજીવની સાબિત નહીં થાય એવું મારું માનવું છે.

નરેશ પટેલ મામલે રિએક્શન આપતા સતીશ પુનિયાએ જણાવ્યું હતું કે, ખોડલધામ પ્રમુખ નરેશ પટેલ રાજસ્થાનમાં પ્રશાંત કિશોર, રાજસ્થાન સીએમ અશોક ગેહલોત સાથે મુલાકાત કરી છે, કોંગ્રેસ હવે ગુજરાતમાં જ નહીં, સમગ્ર દેશમાં કમજોર થઈ ચૂકી છે. તેમણે ઉમેર્યું કે ગુજરાતમાં અશોક ગેહલોતજીને સફળ થવાનું હોત તો પાછલા સમયે જ થઈ શક્યા હોત. એ કંઈપણ તિકડમ કરશે, સફળ નહીં થાય. અશોક ગેહલોતજી કોશિશ કરે તો પણ કોંગ્રેસને સંજીવની આપી શકશે નહીં. રાજસ્થાનથી એમનો કોઈ જાદુ ગુજરાતમાં ચાલશે એવી શક્યતા નહિવત છે.

# રૂપાખેડા ગામમાં પાણીની સમસ્યાનો હાલ નિકાલ ન આવતા ગ્રામજનોએ કર્યો તાલુકા પંચાયત ખાતે હલ્લાબોલ



**- રૂપાખેડા ગામે પાણીની સમસ્યાને લઈને પાણીનો પણ નિવેડો ન આવતા તાલુકા પંચાયત ખાતે ખાલી માટલા લઈ વિરોધ નોંધાવ્યો હતો.**

**- પાણી આપો, અમારે પાણી જોઈએના નારા સાથે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.**

દાહોદ,

દાહોદ જિલ્લા ના ફતેપુરા તાલુકાના રૂપાખેડા ગામે વાદી ફળિયામાં અને કટારા ફળિયામાં પાણીની ગંભીર સમસ્યાને લઈ ન્યુઝ પેપર ના અહેવાલ રજુ કર્યો હતો. જેને ધ્યાને લઈ તાલુકા કક્ષાએ થી તાલુકા વિકાસ અધિકારી સહિતની ટીમ રૂપાખેડા ગામે પહોંચી ઉડાઉ મુલાકાત લઈ પાણીની સમસ્યા જે ફળિયામાં છે. તે ફળિયામાં લોકો સિવાય ગામના બીજા લોકોની પાસે ખોટી સહીઓ કરાવી હોવાનો આક્ષેપ ગ્રામજનો કરી રહ્યા છે. જે સંદર્ભમાં આજરોજ ગામલોકો તાલુકા વિકાસ અધિકારી ફતેપુરા અને મામલતદાર ફતેપુરાએ મુખ્યમંત્રીને સંબોધીને આવેદન પત્ર એનાયત કર્યું હતું તેમજ તાલુકા પંચાયત કચેરી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું પાણીની સમસ્યાનો કાયમી માટે સમાધાન માટેની રજૂઆત કરી હતી.

રૂપાખેડા ગામમાં વાદી ફળિયામાં તાલુકા વિકાસ અધિકારી તેમજ વિસ્તરણ અધિકારી તલાટી ડેપ્યુટી સરપંચ દ્વારા રૂપાખેડા ગામમાં સ્થળ તપાસ કરવા માટે ગયા હતા, પરંતુ વાડી ફળિયાના રહીશોને પડતી પાણીની સમસ્યાને પૂછવાના બદલે તાલુકા વિકાસ અધિકારી તેમજ તેમની ટીમ દ્વારા દ્વારા બીજા ગામના લોકો પાસેથી પંચક્યાસમાં સહી કરાવી ખોટો રિપોર્ટ તાલુકા વિકાસ અધિકારી દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને કરી દેવામાં આવ્યો હતો. જે સંદર્ભે ગામલોકોને ખબર પડતાં ગામલોકો ભેગા થઈ તાલુકા પંચાયત કચેરી ફતેપુરા ખાતે માટલા લઈ ઉમટી પડ્યા હતા, તેમજ તાલુકા વિકાસ અધિકારીનો તેમજ તેમની ટીમનો ઉગ્ર વિરોધ કરી દેખાવ કર્યા હતો.

હાલ રૂપાખેડા ગામે નલ સે જલ યોજના અંતર્ગત તાબડતોબ કામગીરી ચાલુ કરવામાં આવી છે, પરંતુ ગામ લોકો દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે, અમારે હાલ તરત જ પાણીની ખૂબ જ ગંભીર સમસ્યા છે. જેથી કોઈપણ રીતે અમને પાણી મળે તેવી સુવિધા કરી આપો અમે ફળિયાના રહીશો ગંદુ પાણી પી રહ્યા છીએ. જેથી કરીને અમારા બાળકો બીમાર પડે છે અને અમે જે કમાઈએ છે તે દવાખાનામાં આપવું પડે છે. જેથી કરીને અમને પાણી આપો.

ખોટા પંચનામા અંતર્ગત તાલુકા વિકાસ અધિકારીનો સંપર્ક કરતા તાલુકા વિકાસ અધિકારી દ્વારા કેમેરા સામે કંઈ પણ કહેવાનો ઈનકાર કર્યો હતો તેમજ અમારા બીજા પંચાયતના વિસ્તરણ અધિકારીની જોડે વાત કરો તેવું કહેવામાં આવ્યું હતું.

# દાહોદમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાની મલખમ ટીમના કેમ્પનો સમાપન સમારોહ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના યજમાનપદે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાની મલખમની ભાઈઓ-બહેનોની ટીમનો તા.૨૩-૩૦/૦૩/૨૦૨૨ મલખમનો કોચિંગ કેમ્પનો આજ રોજ સમાપન સમારોહ હતો. આ સમાપન સમારોહમાં યુનિવર્સિટી રમત-ગમત કમિટિ ના સભ્ય ડૉ. સંજય જોષી, નવજીવન આટ્ર્સ કોલેજ, દાહોદના કાર્યકારી આચાર્ય ડૉ. બી.સી. ચૌધરી, કોલેજ વિદ્યાર્થી સંઘના ઉપપ્રમુખ ડૉ. એચ.આર. ડાભી, એન.એસ.એસ. ના પી.ઓ. ડૉ. એસ.એ. પટેલ, મલખમ ટીમના મેનેજર ડૉ. યોગેન્દ્રસિંહ ચૌહાણ ઉપસ્થિતિમાં ખેલાડીઓને સ્પર્ધા માટે શુભેચ્છાઓ આપી હતી. અને યુનિવર્સિટી તરફથી ખેલાડીઓને રમત-ગામતની કીટ આપવામાં આવી હતી. યુનિવર્સિટીની મલખમ ટીમના કેપ્ટન તરીકે નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના ખેલાડી અજય મેડાને નિયુક્ત કરેલ છે. આ ટીમમાં નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના ૬ ખેલાડી ભાઈઓ બહેનો, નવજીવન આટ્ર્સ એન્ડ કોમેર્સ કોલેજ, દાહોદ ના ૨ ખેલાડી ભાઈઓ, આટ્ર્સ એન્ડ કોમેર્સ કોલેજ, સાવલી ના ૩ ખેલાડી ભાઈઓ બહેનો અને ગૂર્જરભારતી બી.એડ. કોલજ, નગરાળાની ૧ ખેલાડી બહેન આમ કુલ ૬ ખેલાડી ભાઈઓ અને ૬ ખેલાડી બહેનો કુલ ૧૨ ખેલાડીઓ ખુશાલદાસ યુનિવર્સિટી, હનુમાનગઢ રાજસ્થાન મુકામે ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટીની સ્પર્ધામાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાનું પ્રતિનિધિત્વ કરશે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા ના વી.સી. પ્રો. ડૉ. પ્રતાપસિંહ ચૌહાણના હકારાત્મક અભિગમ થકી યુનિવર્સિટીમાંથી સૌ પ્રથમવાર મલખમની સ્પર્ધામાં ભાગ લેવા જનાર છે. તેમજ ભારત દેશની પ્રાચીન રમત મલખમની આપણી યુનિવર્સિટીમાં શરૂઆત થાય તે માટે યુનિવર્સિટીની રમત-ગમતના નિયામક પ્રો. અશ્વિનભાઈ પટેલ તેમજ રમત-ગમત કમિટિ ના સભ્યઓ ડો.એમ.બી. ડાભી, ડો. બી.એમ. ગોહિલ અને પ્રો. હંસાબેન ચૌહાણ એ ખુબજ રસ લઈને આ મલખમ રમતને પ્રોત્સાહન મળે માટે ખુબજ પ્રયાસ કરેલ છે. એ બદલ રમત-ગમત કમિટીનો ખૂબ ખૂબ આભાર જેના ફળ સ્વરૂપે મલખમની યુનિવર્સિટીની ટીમ રાષ્ટ્રીય કક્ષાએ ભગલેવા જનાર છે. તેમજ આ ટીમના કોચ તરીકે અને કેમ્પ દરમ્યાન નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના શારીરિક શિક્ષણ અને રમત-ગમત ના નિયામક ડો.વી.જે. ચૌહાણ કોચિંગ આપીને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે ટીમને તૈયાર કરી છે. નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના કાર્યકારી આચાર્ય ડો. જી.જે.ખરાદી નો પણ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી છે અને કેમ્પ માટે પૂરતી સગવડ પુરી પાડીને ખેલાડીઓને પ્રોત્સાહિત કરેલ છે. નવજીવન સાયન્સ કોલેજ પરિવાર ખેલાડીઓને સ્પર્ધમાટે શુભેચ્છાઓ પાઠવે છે.

# "સુપોષિત માતા સ્વસ્થ બાળ" યોજનાનો લાભ જિલ્લાના દરેક લાભાર્થી સુધી પહોંચે એ માટેની બેઠક યોજાઇ

દાહોદ,

કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીની ઉપસ્થિતિમાં "સુપોષિત માતા સ્વસ્થ બાળ" યોજનાનો લાભ જિલ્લાના દરેક લાભાર્થી સુધી પહોંચે એ માટે બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં કલેક્ટરએ લાભાર્થીઓની નોંધણીમાં જે મૂશ્કેલીઓ પડી રહી છે. તેના દૂર કરી પુરવઠા વિભાગ, આરોગ્ય વિભાગ અને આઈસીડીએસ વિભાગ સંકલનમાં રહી ઝડપી લાભાર્થીઓની નોંધણી માટે સૂચના આપી હતી.

જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારીએ રાજય સરકારની કુપોષણ નિવારવા માટેની આ મહત્વપૂર્ણ યોજના હોય કોઈ પણ લાભાર્થી યોજનાના લાભથી વંચિત ન રહી જાય તે માટે અધિકારીઓએ એકબીજાના સંકલનમાં રહીને કામગીરી કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી, દાહોદ, જિલ્લા આરોગ્ય અધિકારી તથા દાહોદ જિલ્લાના તમામ તાલુકા હેલ્થ ઓફિસર, સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીઓ તેમજ મુખ્ય સેવિકા બહેનો ઉપસ્થિત રહ્યાં હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારની "સુપોષિત માતા સ્વસ્થ બાળ" યોજના અંતર્ગત સગર્ભા માતા અને જન્મથી ૨ વર્ષના બાળકોની માતાના પોષણ સ્તરમાં સુધારો લાવવા માટે સરકાર દ્વારા ૧૦૦૦ દિવસ એટલે કે સગર્ભાવસ્થાથી લઈ બાળક ૨ વર્ષનું થાય ત્યાં સુધી પોષણ કીટ આપવામાં આવે છે. જે અંતર્ગત રો-રાશન તરીકે ૨ કિલો ચણા, ૧ કિલો તુવરદાળ અને ૧ કિલો સીંગતેલ આપવાનું નકકી કરવામાં આવ્યું છે. આ યોજનાનું અમલીકરણ નવા વર્ષના બજેટમાં રજુ કરાયું છે.

# વાદ વિવાદ અને વિખવાદ થી ઘેરાયેલ ફતેપુરાના કંથાગર ગ્રામ પંચાયતમાં ફરીથી વિવાદ સર્જાયો



ફતેપુરા,

ગ્રામ પંચાયતના ચુંટાયેલા સભ્યોને એજન્ડા બજાવ્યા વિના સરપંચે પોતાના ઘરે ગ્રામસભા રાખી હતી. જે રદ કરવા માંગ કરી હતી.

ફતેપુરા તાલુકાની કંથાગર ગ્રામ પંચાયતમાં અવર નવર વિવાદ સર્જાતા રહે છે. ત્યારે ગ્રામ પંચાયતમાં ફરી વિવાદ સર્જાયો કંથાગર ગ્રામ પંચાયત અગાઉ પણ શૌચાલયને લઇ વિવાદ સર્જાયો હતો. કંથાગર ગામમાં શૌચાલયના કામો ફક્ત કાગળ પર જ કર્યા હોવાનો આક્ષેપ સાથે તાલુકા પંચાયત ફતેપુરા ખાતે અરજી આપી કાયદેસરની તપાસ થાય તેવી માંગ સાથે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ત્યારે ફરી એકવાર કંથાગર ગામ પંચાયતના સરપંચ અને તલાટી દ્વારા ગ્રામસભા યોજવામાં આવી હતી. પરંતુ જે પણ ફક્ત કાગળ પર જ યોજવામાં આવી હતી અને ગ્રામસભા ગ્રામ પંચાયત ઓફિસ પર યોજવાની હોય છે પરંતુ ગ્રામજનો કે સભ્યોને જાણ કર્યા કે એજન્ડા બજાવ્યા વિના સરપંચે પોતાના ઘરે ગ્રામસભા રાખી હતી અને ગ્રામ પંચાયત સભ્ય કે ગ્રામજનોને એજન્ડા પણ બજાવ્યા વિના બારોબાર બારોબાર સરપંચ અને તલાટી મળીને પોતાના ઘરે જ ગ્રામસભા યોજી જેનો ગ્રામજનો તેમજ ચૂંટાયેલા વોર્ડ સભ્ય જેનો સખ્ત વિરોધ કરી ફતેપુરા તાલુકા પંચાયત તાલુકા વિકાસ અધિકારીને સરપંચના ઘરે બોલાવેલી ગ્રામસભાને રદ કરવામાં આવે તેવી માંગ સાથે તલાટી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી થાય તેવી માંગ કરી હતી.

# દાહોદ જનરલ હોસ્પિટલ અને માનસ ટ્રસ્ટના ઉપક્રમે માનસીક સ્વાસ્થ્ય જાગૃતિનું આયોજન કરાયું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જનરલ હોસ્પિટલ દાહોદ અને માનસ ચેરીટેબલ ટ્રસ્ટ ફોર મેન્ટલ હેલ્થના સંયુક્ત ઉપક્રમે માનસિક સ્વાસ્થ્ય જન જાગૃતિ કાર્યક્રમોનું આયોજન દાહોદ જિલ્લાના જુદાજુદા તાલુકા ખાતે કરવામાં આવ્યું હતું. જે કાર્યક્રમના અનુસંધાનમાં માનસ ચેરીટેબલ ટ્રસ્ટ ફોર મેન્ટલ હેલ્થ દ્વારા દાહોદ જિલ્લામાં ભવાઈ પ્રોગ્રામ દ્વારા લોકોમાં માનસિક રોગ વિશે જાગૃતતા આવે તે માટેના કાર્યક્રમ યોજાયા હતાં. આ ઉપરાંત મનોવૈજ્ઞાનિકો ની ટીમ દ્વારા શાળા, કોલેજ, કચેરીઓ અને આંગણવાડી કેન્દ્રો માં જઈને માનસિક આરોગ્ય જાગૃતતા અંગેના કાર્યક્રમ કરવામાં આવ્યા હતાં તેમજ માનસિક રોગ વિશે સંપૂર્ણ માહિતી પુરી પાડવામાં આવી હતી. શહેરો અને ગામડાઓમાં લોકોમાં માનસિક આરોગ્ય વિશે જાગૃતતા આવે એ માટે ૧૦૦ થી વધુ જાગૃતતા પ્રોગ્રામ કરવામાં આવ્યાં હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં દાહોદ જનરલ હોસ્પિટલના મુખ્ય જિલ્લા તબીબી અધિકારી, ડો. નરેશ નિનામા (માનસિક રોગ નિષ્ણાંત), એન.સી. ડી સ્ટાફ અને માનસ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડો. નયન સોલંકી નો સહકાર રહ્યો હતો.

# દાહોદમાં બેંક, આરોગ્ય તેમજ વીજ કંપનીના કર્મચારીઓએ બે દિવસની હડતાળ પર જતા જનતાને હાલાકી




દાહોદ,

પોતાની વિવિધ માંગણીને લઈ બેન્ક કર્મચારીઓ, આરોગ્ય કર્મચારીઓ, પોસ્ટ ઓફિસના કર્મચારીઓ અને એમ.જી.વી.સી.એલ.ના કર્મચારીઓ બે દિવસની હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. બે દિવસની હડતાળને પગલે દાહોદ શહેરમાં વિવિધ કામોમાં લોકોને ભારે હાલાકીનો સામનો પણ કરવો પડ્યો હતો.

તારીખ ૨૮ અને ૨૯મી માર્ચના રોજ બેન્ક કર્મચારીઓ, આરોગ્ય કર્મચારીઓ, પોસ્ટ ઓફિસના કર્મચારીઓ અને એમ.જી.વી.સી.એલ. દ્વારા પોતાની પડતર વિવિધ માંગણીઓ સરકાર સમક્ષ રજુઆત કર્યાં છતાંય આજદિન સુધી પોતાની વિવિધ પડતર માંગણીઓ સરકાર દ્વારા સ્વીકારમાં ન આવતી હોવાના આક્ષેપો સાથે ઉપરોકત વિભાગોના કર્મચારીઓ દ્વારા બે દિવસની હડતાળનું શસ્ત્ર ઉજામ્યું હતું. બે દિવસની હડતાળને પગલે દાહોદ શહેર સહિત જિલ્લાની પ્રજાને પારાવાર મુશ્કેલીનો સામનો પણ કરવો પડ્યો હતો. એક તરફ માર્ચ એન્ડીંગ અને બીજી તરફ બેન્ક હડતાળને પગલે વેપારી વર્ગને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડચો હતો. આરોગ્યલક્ષી કામગીરી પર પણ અસર પડી હોવાનું કહેવાઈ છે.

# ફતેપુરા તાલુકાની સગીરાનું અપહરણ કરી નાસી જનાર આરોપીની પોલીસે સુરતથી ધરપકડ કરી

ફતેપુરા,

ફતેપુરા સગીરાનું અપહરણ કરી ભગાડી જનાર શખ્સને આધુનિક ટેકનોલોજી અને હ્યુમન ટેકનોલોજીનો ઉપયોગ કરી સુરત થી પકડી પાડયો છે. તેની સાથે સગીરા પણ મળી આવી હતી. હાલ આ શખ્સને ફતેપુરા પોલીસે ઝડપી પાડી ફતેપુરા પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યો છે. ફતેપુરા પોલીસ મથકે ૬ મહિના પહેલા સગીર બાળાને ભગાડી જનાર વિરોધ ફતેપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં ફતેપુરા પોલીસ દ્વારા ટીમ બનાવી ગુજરાતમાં વિવિધ જગ્યાએ સગીરાનું અપહરણ કરનાર ની ધરપકડ માટે શોધખોળ આદરી હતી અને સતત પ્રયત્નશીલ રહી કામગીરી કરી હતી. સદર ગુનાનો આરોપી સુરતમાં હોવાનું માહિતી મળી હતી. જે અન્વયે પોલીસ સ્ટાફના માણસો સાથે તપાસ કરતાં આરોપી શૈલેષ રામાભાઈ બરજોડ સુરતથી મળી આવેલ હતો જેની સાથે અપહરણ કરી લઈ જનાર સગીરા પણ મળી આવી હતી સગીરાને તેના પરિવારને સોંપી આરોપી ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો હતો. આ કામગીરીમાં ફતેપુરા પોલીસ સબ ઈન્સ્પેકટર સી.બી. બરંડા, વુંપોકોન્સ કીર્તિકાબેન, અ.પો.કો કલ્પેશભાઈ ઠાકોર સહિતની ટીમે શોધી કાઢવાની ભૂમિકા ભજવી હતી.

# દાહોદ LCB પોલીસે ૯ વર્ષની ઘરફોડ ચોરીના વોન્ટેડ આરોપીને ઝડપ્યો

દાહોદ,

દાહોદ એલસીબી પોલીસ દ્વારા છેલ્લા નવ વર્ષથી ઘરફોડ ચોરીના ગુનાઓમાં નાસતો ફરતો આરોપીને તેના ઘરેથી ઝડપી પાડી જેલ ભેગો કર્યાનુંજાણવા મળે છે. દાહોદ જિલ્લા પોલીસ વડા હિતેશ જોઈસરની સૂચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લા પોલીસ હાલ વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા અને નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવાની કામગીરી કરી રહી છે. ત્યારે દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે છેલ્લા નવ વર્ષથી દાહોદ તાલુકા તેમજ ગરબાડા પોલીસ મથકમાં નોંધાયેલ ઘરફોડ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલ નાસતો ફરતો આરોપી સંજયભાઈ કોદરભાઈ ડામોર (રહે. અબલોડ, તા. ગરબાડા, જિ. દાહોદ) નો તેના ઘરે હોવાની દાહોદ એલસીબી પોલીસને બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે તેના ઘર તરફ વોચ ગોઠવી ઉપરોક્ત આરોપીને ઝડપી પાડ્યો હતો.

# દાહોદ-ઝાલોદ હાઈવે વરોડ ટોલ બુથ ઉપર ૧ એપ્રિલથી ભાવ વધારો વાહન ચાલકોને વધુ આર્થિક ફટકો



દાહોદ,

દાહોદ જિલ્લામાં ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર સ્થિત ભથવાડા તેમજ દાહોદ-ઝાલોદ હાઈવે પર સ્થિત વરોડ ટોલટેક્સ પર અગામી ૧ એપ્રિલથી ભાવ વધારો થવા જઈ રહ્યો છે. જેના પગલે અત્રેથી પસાર થતા વાહનચાલકોને હવેથી વધુ ટોલટેક્સ ભરવો પડશે જે આગામી ૧લી એપ્રિલથી લાગુ પડશે.

દેશમાં પટ્રોલ ડીઝલ તેમજ એલપીજી અને સીએનજી ગેસ બાદ ખાદ્યતેલ સહિતની વસ્તુઓના ભાવોમાં વધારો થતાં લોકોના બજેટ ખોરવાઈ ગયા છે. ત્યારે ભાવ વધારાના પગલે મોંઘવારીનો માર સહન કરી રહેલી પ્રજાને હવે ટોલ ટેક્સમાં વધારો થતા લોકોની હાલત કફોડી બની છે. વાત કરીએ દાહોદ જિલ્લાની નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ટોલ ટેક્સમાં વધારો કરતા ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર સ્થિત બગવાડા ટોલનાકા તેમજ દાહોદ હાઈવે પર સ્થિત વરોડ ટોલનાકા પર આગામી ૧લી એપ્રિલથી થતા વાહનોને વધુ ટોલ ટેક્સ ચૂકવવો પડશે આગામી ૧લી એપ્રિલથી નાની કાર થી મોટી ગાડીઓ સુધી ૧૦ રૂપિયા થી ૫૦ રૂપિયાનું તોતિંગ વધારો થવા જઈ રહ્યો છે ત્યારે અત્રેથી પસાર થતા લોકોને ૧લી એપ્રિલથી વધુ ટોલ ટેક્સ ચૂકવવો પડશે.

# વડાપ્રધાન મોદી એપ્રિલમાં બે દિવસના ગુજરાત પ્રવાસે આવશે : દાહોદ ખાતેના કાર્યક્રમમાં હાજરી આપશે



ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ હવે ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી રહ્યો છે. પ્રદેશ ભારતીય જનતા પાર્ટી વર્ષે ૨૦૨૨ની ચૂંટણીમાં ઐતિહાસિક રિઝલ્ટ મેળવા માટે એડી ચોટીનું જોર લગાવી રહી છે. જેના ભાગ રૂપે પ્રધામંત્રી નરેન્દ્ર મોદી હવે દર મહિને ગુજરાત પ્રવાસે આવવાના છે. એપ્રિલ મહિનામાં પણ પ્રધામંત્રી નરેન્દ્ર મોદીએ ફરી ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે.

૨૧ એપ્રિલના રોજ મધ્ય ગુજરાતમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવી રહ્યા છે. જેમાં દાહોદ ખાતેના કાર્યક્રમમાં હાજરી આપશે. આ મધ્ય ગુજરાતનો કાર્યક્રમ એ આદિવાસી સમાજને ધ્યાનમાં રાખી યોજવામાં આવી રહ્યો છે. જેમાં વડોદરા જિલ્લો, દાહોદ, પંચમહાલ, મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો જોડવાના છે. આ આદિવાસી સંમેલનની તૈયારીના ભાગ રૂપે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી. આર. પાટીલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓડિટોરિયમ હોલ ખાતે આયોજન માટેની બેઠક યોજવામાં આવી હતી. જેમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષે કાર્યકરો સાથે પોતાની હળવી શૈલીમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવા કાર્યકરોને ટકોર કરી હતી.

અંદાજે ૫ લાખ જેટલા કાર્યકરોનું આ સંમેલન આયોજન કરવાનું પ્લાનિંગ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી. આર. પાટીલ કરી રહ્યા છે. ૨૧ એપ્રિલનો દાહોદનો આ કાર્યક્રમ એ ગુજરાત વિધાનસભા વર્ષ ૨૦૨૨ની ચૂંટણી પ્રચારનું રણ શીંગુ ફૂંકવામાં આવશે. આ આદિવાસી સંમેલનના માધ્યમથી ભાજપે અંબાજીથી ઉમરગામ સુધીની આદિવાસી બેઠકો પર કબજો કરવાનું પ્લાનિંગ કરી રહ્યું છે. જેના ભાગરૂપે પ્રધામંત્રી નરેન્દ્ર મોદીનો ભવ્ય કાર્યક્રમએ દાહોદ ખાતે કરવામાં આવી રહ્યો છે.

પ્રદેશ ભાજપ આ ચૂંટણીમાં ભૂતકાળમાં જે પરિણામ મળ્યું નથી એટલી રેકોર્ડ બ્રેક વિધાનસભા બેઠકો જીતવાનું પ્લાનિંગ કરી રહ્યું છે. એટલા માટે જ એક પણ આદિવાસી વિધાનસભા બેઠકો પર ભાજપ ગુમાવા માગતું નથી. જેના ભાગ રૂપે પ્રધામંત્રી નરેન્દ્ર મોદી દાહોદથી વિધાનસભા ચૂંટણીનું રણ શીંગુ ફૂંકી રહ્યા છે. દાહોદના કાર્યક્રમ બાસ ૨૨ એપ્રિલના રોજ પ્રધામંત્રી નરેન્દ્ર મોદીએ બનાસકાંઠા ખાતે દૂધ ઉત્પાદક મહિલાઓના સંમેલનમાં હાજરી આપવાના છે. જેની તૈયારી હાલ પ્રદેશ ભાજપ દ્વારા કરવામાં આવી રહી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.184

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# કાલોલ તાલુકાનું નાની ભાદરોલી ગામમાં નલ સે જલ યોજનાનો ફિયાસ્કો







- છેલ્લા સાત વર્ષથી પાણીની સુવિધા માટે રજુઆતો તેમ છતાં નિરાશા.
- પાણીની સમસ્યા ન ઉકેલાય તો ૨૦૨૨ની વિધાનસભા ચુંટણીના બહિષ્કારની ચિમકી.

કાલોલ,

કાલોલ તાલુકાના નાની ભાદરોલી ગામના લોકો રાજ્ય સરકારની ઘરે ઘરે નલ જે જલની લોભામણીની જાહેરાતો વચ્ચે પીવાના પાણી માટે કિલ્લત વેઠી રહ્યા છે. નાની ભાદરોલીના ગ્રામજનોને પાણી સુવિધા મળે તે માટે પંચાયતના સરપંચ જાતે સભ્યોને રજુઆતો કરતા હોય પરંતુ ચુંટણી સમયે વાયદા કરતાં સરપંચ અને સભ્યો ચુંટાઈ આવ્યા પછી સત્તાના નશામાં ગ્રામજનોની વહેવારીક રજુઆતને પુરી પાડવામાં નિષ્ફળ રહ્યા છે.

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ઘરે-ઘરે પાણી પહોંચાડવા માટે નલ સે જલ યોજના અમલમાં મુકાવામાં આવી છે. પરંતુ આવી સરકારની યોજનાઓ લાગુ કરવા માટે સ્થાનિક ગ્રામ પંચાયતના ચુંટાયેલ સરપંચો કે સભ્યો બેદરકાર હોવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. કાલોલ તાલુકાના નાની ભાદરોલી ગામના ગ્રામજનો છેલ્લા ૭ વર્ષથી પાણીની કિલ્લત વેઠી રહ્યા છે અને પીવાના પાણી માટે વલખાં મારવા પડી રહ્યા છે. ગ્રામ પંચાયતના સરપંચ કે સભ્યો દ્વારા ગ્રામજનોના હિતમાં સરકારશ્રીની જલ સે નલ યોજનાને સાર્થક કરવા માટે પ્રયાસ કરવાના હોય પરંતુ છેલ્લા સાત વર્ષથી પંચાયત દ્વારા ગ્રામજનોની પાણીની સમસ્યા હલ કરવા માટે પ્રયાસ કર્યા નથી. નાની ભાદરોલી ગ્રામના ગ્રામજનોને પીવાના પાણીની સુવિધા કરી આપવાની ખાત્રી આપવામાં આવે છે. ખરી પણ છેલ્લા ૭ વર્ષથી ગ્રામજનોની પાણીની સમસ્યા ઉકેલવામાં નિષ્ફળ રહ્યા છે. ગ્રામજનોને ગ્રામ પંચાયતના સરપંચ કે સભ્યો હલ કરશે તેવા વિશ્વાસ પણ રહ્યો નથી. જેને લઈ નાની ભાદરોલી ગામના ગ્રામજનો હવે ઘરે ઘરે નલ સે જલની આશા ઠગારી હોવાનું માની રહી છે. નાની ભાદરોલી ગામમાં પાણીની સમસ્યા હોય તેવું નથી પરંતુ રસ્તા, સ્ટ્રીટ લાઈટ જેવી જેવી પ્રાથમિક સુવિધાનો પણ અભાવ હોય ત્યારે ગ્રામજનો આગામી ૨૦૨૨ની વિધાનસભા ચુંટણીમાં મતદાન નહી કરી ચુંટણી બહિષ્કાર કરવાના મુંડ બનાવ્યો છે.

# ગોધરાના કાંકણપુર ખેતીની જમીન બિનખેતી કર્યા વગર પ્લોટીંગ કરી છેતરપિંડી કરનાર બિલ્ડર અને સાંઠગાંઠ ધરાવતા લોકો ભુગર્ભમાં ઉતરી ગયાની ચર્ચા

## લેન્ડગ્રેબીંગનો ઝંડો લઈ ફરતા રાજકીય નેતા પોતાના સાથીઓને બચાવવા ભુગર્ભમાં ઉતર્યા

ગોધરા,

ગોધરા તાલુકાના કાંકણપુર ગામે ખેતીની જમીનમાં વેચાણ બાનાખતના આધારે બિલ્ડર અને જમીનના વેપારી દ્વારા પોતાના આર્થિક ફાયદા માટે ખેતીની જમીન બિનખેતી (એન.એ.)ની પ્રક્રિયા કર્યા વગર બોગસ નકશો બનાવીને પ્લોટીંગ કરવામાં આવ્યું અને ૧૧૩ જેટલા ગ્રાહકો પાસેથી ૧.૨૦ કરોડ રૂપીયા ઉઘરાવી લેવામાં આવ્યા. કાંકણપુર ગામની ખેતીની જમીનમાં પ્લોટીંગ કરી છેતરપિંડી કરવાનો કિસ્સો અખબારમાં પ્રસિદ્ધ થતાં સંયુક્ત મિલ્કત વેચાણ બાનાખત કરી આપનાર, વેચાણ બનાખત લખાવી લેનાર બિલ્ડર તેમજ રાજકીય હોદ્દાની વગ ઉપર લેન્ડ ગ્રેબિંગનો ઝંડો લઈને ફરતા હોય તેવા તમામ હાલ ભુગર્ભમાં ઉતરી ગયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

ગોધરા તાલુકાના કાંકણપુર ગામે ખેતીની જમીન જે સંયુક્ત મિલ્કત હોય તેવી ખેતીની જમીનના એક વારસદારને સાથે રાખી ગોધરામાં નોટરીને ત્યાં બિલ્ડર તેમજ જમીનના વ્યવસાય કરતાં વ્યકિત દ્વારા વેચાણ બાનાખત કરવામાં આવ્યું હતું. આ બાનાખતના આધારે ખેતીની જમીન બિનખેતી (એન.એ.)ની પ્રક્રિયા કર્યા વગર બિલ્ડર દ્વારા આર્થિક ફાયદો કરી લેવાના ઈરાદા સાથે ખેતીની જમીનનો બોગસ નકશો બનાવ્યો હતો અને ૧૧૩ પ્લોટ પાડવામાં આવ્યા હતા. આ પ્લોટીંગ પેટે ૧૧૩ ગ્રાહકો પાસેથી ટોકન પેટે ૧.૨૦ કરોડ ઉઘરાવી લેવામાં આવ્યા છે. કાંકણપુર ગામે ખેતીની જમીનમાં પ્લોટીંગ કરીને લોકો સાથે છેતરપિંડી કરનાર બિલ્ડર ઉપર એક રાજકીય વ્યકિત અને લેન્ડ ગ્રેબીંગના ગુનાઓ નોંધાવતા હોય તેવા વ્યકિત સાથેના સંબંધોને લઈ ગ્રાહકો સાથે છેતરપિંડી વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોય પરંતુ કાંકણપુર ગામે ખેતીની જમીનમા પ્લોટીંગ કરી ગ્રાહકો સાથે છેતરપિંડી કરી ૧.૨૦ કરોડ રૂપીયા ઉઘરાવી લેવામાં આવ્યા હોવાનો અહેવાલ અખબારમાં પ્રસિદ્ધ થતાં સાથે કાંકણપુર ગામની ખેતીની જમીનમાં બોગસ પ્લોટીંગ કરનાર બિલ્ડર તેના સાગરીતો તેમજ અન્ય સાંઠગાંઠ ધરાવતા લોકો પણ હાલ ભુર્ગભમાં ઉતરી ગયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# મોરવા(હ)ના દેલોચ ગામે ખેતરમાં વાવેલ ગાંજાના છોડ ૬ કિલો સાથે આરોપીને ઝડપી પાડતી SOG પોલીસ

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના દેલોચ ગામે ખેતીની જમીનમાં ગેરકાયદેસર રીતે ગાંજાના છોડનું વાવેતર કરેલ છે. તેવી બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે રેઈડ કરી ૬ કિલો ૩૪૦ ગ્રામ કિંમત ૬૬,૪૦૦/-રૂપીયાના જથ્થા સાથે ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના દેલોચ ગામે રહેતા નરવતભાઈ કેસરભાઈ ડાભી પોતાના કબ્જાવાળા ખેતરમાં આર્થિક ફાયદા માટે લીલા ગાંજાના વાવેતર કરેલ છે. તેવી બાતમી એસ.ઓ.જી. પોલીસને મળેલ હોય બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૬ કિલો ૬૪૦ ગ્રામ કિંમત ૬૬,૪૦૦/-રૂપીયાનો જથ્થા સાથે નરવતભાઈ ડાભીને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે મોરવા(હ) પોલી મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરી દોડતી ઈંટોના ભઠ્ઠાની ટ્રક પાછળ વાન ઘૂસી જતાં અકસ્માત સર્જાયો

ઘોઘંબા,

હાલોલ તથા કાલોલ તાલુકામાં ચાલતા ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠા ની ગાડીઓ માટેલ સાંઢની જેમ ચાલી રહી છે. જેમાં આજરોજ વહેલી સવારે પરોલી પાસે ઈંટો ભરેલી ટ્રક નં. GJ 7.UU.8307 પાછળ એક મારૂતિ વાન ઘૂસી જતાં વાનને ભારે નુકશાન પહોંચ્યું છે. સદ્દનસીબે વાનમાં સવાર મુસાફરો કે ડ્રાઈવરને કોઈ ઈજા પહોંચી નથી, પરંતુ RTOના નિયમોનું ઉલ્લંઘન કરતી ટ્રકોને કોઈપણ જાતની પાર્કિગ લાઈટ કે રેડીયમ લગાડવામાં આવ્યું નથી. તેમજ ટ્રેક્ટરના ડ્રાઈવરોને ટ્રક ચલાવવા આપી દેતા વારંવાર આ વિસ્તારોમાં અકસ્માત સર્જાઈ છે.

વહેલી સવારે હાલોલ જવા નીકળેલો વાન ચાલક રાજુભાઈ બારીયા RTOના નિયમોનું ઉલ્લંઘન કરતી ટ્રકની પાછળ ભરાઈ જતા અકસ્માત સર્જાયો હતો.

# હાલોલ હજરત રાજુશાહ બાવાની ઉર્ષની ઉજવણી કરાઈ



હાલોલ,

હાલોલ ખાતે આવેલ હજરત રાજુશાહ બાબાના ઉર્ષની ઉજવણી બે દિવસીય હર્ષઉલ્લાસ સાથે કરવામાં આવી હતી. જેમાં ઉર્ષના પ્રથમ દિવસે સંદલ શરિફનું જુલૂસ કસ્બા હુસેની ચોકથી નીકળ્યું હતું. જે દરગાહ ખાતે પહોચ્યું હતું અને ધાર્મિક વિધિ મુજબ સંદલ શરિફ ચઢાવવામાં આવ્યું હતું અને સલાતો સલામ બાદ નીયાઝ તકસિમ કરવામાં આવી હતી. જ્યારે ઉર્ષના બીજા દિવસે દરગાહ ખાતે મેહફિલે મિલાદનો કાર્યક્રમ યોજાયો હતો અને સલાતો સલામ બાદ દુઆ કરવામાં આવી હતી અને ત્યારબાદ દરગાહ કમિટી દ્વારા નીયાજની તકસિમ કરવામાં આવી હતી અને સૌ કોઈએ નીયાઝનો લાહવો લીધો હતો. આ ઉર્ષ પ્રસંગે મોટી સંખ્યામાં અકિદતમંદો ઉમટયા હતા અને ઉર્ષનો લાભ લીધો હતો. જ્યારે રાત્રે ઈશાની નમાઝ બાદ રાતીબે રિફાઈનો કાર્યક્રમ યોજાયો હતો.

# શહેરા ઝુલેલાલ મંદિર ખાતે શહેરાવાલા સાંઈનો ૨૭મો જન્મ દિવસની ઉજવણી કરાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરાવાલા સાંઈ તરીકે ઓળખાતા નિકિતાબેન જીતેન્દ્ર કુમાર ચેતવાણીને ભગવાન ઝૂલેલાલના આશીર્વાદ હોવાથી અનેક ભક્તો તેમને માનતા હોય છે. સાંઈના આશીર્વાદ થી અનેક ભક્તો મુશ્કેલીમાં બહાર આવવા સાથે ધંધા રોજગારમાં પ્રગતિ થવા સાથે સંતાન પ્રાપ્તિ સહિત અનેક મનોકામના પૂર્ણ થઈ હતી. દેશ-વિદેશમાંથી આ દિવસે અહી સાંઈના ભક્તો તેમના જન્મ દિવસે આવીને આશીર્વાદ લેવા સાથે તેમના સમક્ષ તેમનું દુઃખ કહી દેવા સાથે તમને લીધેલ મનોકામના પૂર્ણ કરતા હોય છે.

શહેરા,

શહેરામાં ઝુલેલાલ મંદિર ખાતે શહેરાવાલા સાંઈનો ૨૭મા જન્મદિવસની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. સ્થાનિક રાજ્ય સહિત વિદેશથી પણ ભકતો સાંઈના જન્મદિવસએ આવીને સાંઈના આશીર્વાદ લીધા હતા.

શહેરામાં સિંધી સમાજની વાડી પાસે આવેલા ઝુલેલાલ મંદિરનો ૨૦ મો પાટોત્સવ અને શહેરાવાલા સાંઈનો ૨૭મા જન્મદિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સાંઈના જન્મોત્સવને લઈને સ્થાનિક રાજ્ય તેમજ પાકિસ્તાન, દુબઈ, દક્ષિણ આફ્રિકા સહીત દૂર દૂરથી મોટી સંખ્યામાં સાંઈના ભક્તો અહીં આવ્યા હતા. મંદિર ખાતે ધ્વજારોહણ સહિત અનેક ધાર્મિક કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. જેમાં ભગવાન ઝુલેલાલના ભકિત ગીતો વચ્ચે સાંઈના ભક્તો ખુશીથી ઝુમતા નજરે પડવા સાથે વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. શહેરાવાલા સાંઈ તરીકે ઓળખાતા નિકિતા બેન જીતેન્દ્ર કુમાર ચેતવાણી એ ભક્તોએ લાવેલ ૫૦ કિલોની તેમના ચિત્ર વાળી કેકને કાપી હતી. ઝુલેલાલ મંદિર ખાતે મોટી સંખ્યામાં આવેલા દેશ વિદેશથી સાંઈના ભક્તોએ ધામધૂમ પૂર્વક ઉજવણી કરવા સાથે પ્રસાદીનો લ્હાવો લીધો હતો.

# હાલોલ બાયપાસ હાઈવે ફતેપુરી પાસે અજાણી બાઈકની અડફેટે મહિલાનું મોત



હાલોલ,

હાલોલ નગરની બહાર આવેલ ફતેપુરી ગામની સીમમાં ગોધરા બાયપાસ હાઈવે રોડ પર અજાણ્યા મોટરસાયકલના ચાલકે ૩૦ વર્ષીય મહિલાને અડફેટે લઈ ટક્કર મારતા મહિલાનું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજયું હતું. જેમાં બનાવ અંગે પોલીસે અજાણ્યા મોટર સાયકલ ચાલક સામે અકસ્માતની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર કાલોલ તાલુકાના નવીનગરી શક્તિપુરા ખાતે રહેતા મુકેશભાઈ અરવિંદભાઈ નાયકના પત્ની મીનાબેન મુકેશભાઈ નાયક ઉં.વર્ષ ૩૦ શક્તિપુરા ખાતેથી પોતાના પિયર હાલોલ તાલુકાના કંજરી ગામે જવા માટે નીકળ્યા હતા. જે દરમ્યાન હાલોલ નગરની બહાર ગોધરા બાયપાસ રોડ પર આવેલ ફતેપુરી ગામની સીમમાં મુખ્ય હાઈવે રોડ પર એક અજાણી મોટર સાયકલના ચાલકે પોતાની મોટર સાઈકલને બેફામ પુરઝડપે હંકારી લઈ આવી રોડ પર ઉભેલા મીનાબેનને અડફેટે લઈ ટક્કર મારતા મીનાબેન મોટર સાયકલની ટક્કરથી રોડ ઉપર પટકાતા મોટર સાયકલનું ટાયર તેઓના પેટના ભાગે ફરી વળ્યું હતું. જેમાં અકસ્માતમાં મીનાબેનના નાકમાંથી પુષ્કળ લોહી વહી જતાં અને મોટર સાયકલનુ ટાયર તેઓના પેટ પર ફરી વળતાં ઘટનાસ્થળે જ મીનાબેનનુ કરૂણ મોત નીપજ્યું હતું. જ્યારે અજાણી મોટર સાયકલનો અજાણ્યો ચાલક અકસ્માત સર્જી મીનાબેનનું અકસ્માતમાં મોત નીપજાવી મોટર સાયકલ સાથે ઘટના સ્થળેથી ભાગી છૂટ્યો હતો. જ્યારે અકસ્માતનો બનાવ જોઈ આસપાસથી લોકો દોડી આવ્યા હતા અને બનાવ અંગે તાત્કાલિક હાલોલ ટાઉન પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતક મીનાબેનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હાલોલ હોસ્પિટલ ખાતે લઈ આવી તેઓના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી પરિવારજનોને સોંપ્યો હતો. જેમાં બનાવ અંગે મીનાબેનના પતિ મુકેશભાઈ નાયકે હાલોલ ટાઉન પોલીસ મથકે અજાણ્યા મોટર સાયકલના ચાલક અકસ્માતની ફરિયાદ નોંધાવતા પોલીસે તેઓની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ ખાતે કુમાર આર્ટ્સ ફાઉન્ડેશનનો શ્રેષ્ઠ પુસ્તક એવાર્ડ સમારોહ યોજાયો



ગોધરા,

સાહિત્ય અને કલા ક્ષેત્રે કામ કરતી જાણીતી સંસ્થા કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન ગોધરા-અમદાવાદ દ્વારા આયોજિત ૨૦૨૦ ૨૧ નો શ્રેષ્ઠ પુસ્તક એવોર્ડ અર્પણ સમારોહ ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાનાં અધ્યક્ષ સ્થાને વિશ્વ રંગભૂમિ દિવસે અમદાવાદ ખાતે આવેલી એચ.કે આર્ટ્સ કોલેજનાં સી.સી. હોલ ખાતે ભારે દબદબા ભેર સંપન્ન થયો. આ સમારોહમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અદયક્ષ પદ્મ ડો.વિષ્ણુભાઈ પંડ્યા સહિત ગુજરાતી ફિલ્મ અને નાટ્ય ક્ષેત્રે જોડાયેલા કલાકાર ભાવિનીબેન જાની, મુખ્ય મહેમાન કમલેશભાઈ શાહ તેમજ માબાપને ભૂલશો નહીં ફેમના જાણીતા આર્ટિસ્ટ અશ્વિનભાઈ જોશી તથા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના ગુજરાતી વિભાગના વડા ડો. કુમાર જૈમિનિ શાસ્ત્રીના હસ્તે વિવિધ સાહિત્ય સ્વરૂપોના શ્રેષ્ઠ પુસ્તકોના લેખકોને એવાર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સાહિત્ય જગતમાં શ્રેષ્ઠ કૃતિઓને અપાતો એવાર્ડ આ વર્ષે ચોથો સમારંભ છે. આ સમારોહમાં ગુજરાતી નાટકના કલાકારો તેમજ સાહિત્ય ક્ષેત્રના કવિઓ, લેખકો અને સર્જકો એવાર્ડ વીનરોને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત ભરના વિવિધ જિલ્લાઓમાંથી કવિઓ, લેખકો અને સાહિત્ય રસિકો ઉપસ્થિત રહ્યા હતા. રાજયકક્ષાના એવાર્ડ વિતરણ કાર્યક્રમનું સંચાલન કુમાર આર્ટસ ફાઉન્ડેશનના પ્રમુખ ડો કુમાર જૈમિની શાસ્ત્રીએ કર્યું હતું. સ્વાગત પ્રવચન ફાઉન્ડેશનના મહામંત્રી હેમાંગ ડણાકે કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના શોધાર્થી અને રાયસીંગપુરા પ્રાથમિક શાળાના શિક્ષક મહેન્દ્રકુમાર પરમારે કરી હતી. એવાર્ડ મેળવનાર સર્જકોનો પરિચય શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના શોધાર્થી કરિશ્માબેને કરી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના સંયોજક કવિ જે.એન. શાસ્ત્રીએ ગુજરાતના પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના રાયસિંગપુરા ગામે તાજેતરમાં બનેલ કવિઓને વાજતે ગાજતે વધાવી ગામમાં શોભાયાત્રાની ઐતિહાસિક ઘટનાની ગુજરાત સાહિત્ય અકાદમીના અદયક્ષની રૂબરૂમાં જાહેરાત કરી ગૌરવ અનુભવ્યું હતું.

# ગોધરાની ઝકરીયા ઉર્દૂ શાળા ખાતે વાર્ષિક દિવસ અને વિદાય સમારંભ યોજાયો



ગોધરા,

ગોધરાની ઝકરીયા ઉર્દૂ શાળા ખાતે વાર્ષિક દિવસ અને વિદાય સમારંભ તેમજ ઇનામ વિતરણનો શાળા કક્ષાનો કાર્યક્રમ રાખવામા આવ્યો હતો.

વર્ષ દરમીયાન વિવિધ પ્રોગ્રામોમાં ભાગ લેનાર બાળકો અને આજ શાળાની બાળાઓએ એસ.એસ.સી અને એસ.એસ.સી.માં ઉત્તીર્ણ થઈ વધુ ટકા મેળવવા બદલ મૌલાના શોએબ ચીમાજી, મુસ્લિમ સમાજના અગ્રણી અને ઉદ્યોગપતિ હાજી ફિરદોસ કોઠી ગુજ.યુનિ. ક્રિકેટ ટુર્નામેન્ટ ઓલરાઉન્ડર પર્ફોર્મન્સ વિજેતા હાજી મેહબુબ શેહરીયા તથા હાઈકોર્ટ અધીવકતા અને એડવોકેટ રમઝાની જુઝારા સહીત નાઓ દ્વારા સન્માનિત કરવામા આવ્યા હતા. સમગ્ર પ્રોગ્રામ SMC અને આચાર્ય મોહંમદ બંગલીની અદયક્ષતામાં કરવામાં આવ્યો હતો. સુંદર પ્રોગ્રામ બદલ વાલીઓ અને બાળકોનો આભાર વ્યક્ત કરવામા આવ્યો.

# હાલોલ તરખંડા ગામે સનફાર્મા કંપની દ્વારા નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન




હાલોલ,

પંચમહાલ જીલ્લામાં આવેલી સનફાર્મા કંપનીના સહયોગ થી હાલોલ તરખંડા ગામે સર્વ રોગ નિદાન કેમ્પ નિઃ શુલ્ક રાખી અનેક દર્દીઓએ લાભ લીધો હતો. ગેસ, કબજીયાત, એસીડીટી તથા તાવ, માંથાનો દુખાવો, શરદી-ખાંસીને લગતી તમામ સારવાર આપવામાં આવી હતી. વૈશ્વિક કોરોના મહામારીના સમય દરમિયાન અનેક પ્રકારની સેવાઓ સનફાર્મા કંપની દ્વારા કરવામાં આવી હતી. જેમ કે, વેન્ટિલેટર તથા કોવીડ રસીકરણ વાન જેવી સુવીધાઓ આપવામાં આવી હતી. હાલોલ વિસ્તારના અનેક ગામડાઓમાં આ પ્રકારના નિઃ શુલ્ક નિદાન કેમ્પ યોજી સેવાઓ આપવામાં આવે છે. ગરીબ અને મદયમ વર્ગના સામાન્ય માણસોનો સહારો બની સેવાઓ આવવામાં આવે છે. નિદાન કેમ્પમાં ડોક્ટર નીરજ સંઘડા M.B.B.S. તથા સનફાર્મા કંપનીના સહયોગ થકી યોજાયેલ નિઃદાન કેમ્પ દરમિયાન ગ્રામજનોએ સનફાર્મા કંપનીનો આભાર વ્યક્ત કર્યો હતો.